વાંચી શકાય તેમજ સાંભળી શકાય તેવું પ્રથમ નવીન ગુજરાતી મેગેઝીન : "ઉમિયા જ્યોત"

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત

ઉમિયા જયોત

PUBLISHER : PATEL MUKESHKUMAR AMRUTLAL : UMIYA JYOT (Gujarati Monthly) : EDITOR - AMRUTLAL PATEL

Vol.15 • Issue No. 04 • 15th April, 2026, Wednesday • Pages 40 • Retail Price ₹ 45





ઉમિયા જ્યોત

અંકના સૌજન્ય દાતાશ્રી



સ્વ. જમનાદાસ જોઈતારામ પટેલ અને સ્વ. સીતાબા જમનાદાસ પટેલની

પાવન સ્મૃતિમાં





હસ્તે **શ્રી બાબુભાઈ જે. પટેલ** (બી.જે.પી.)

(ધારાસભ્યશ્રી દસક્રોઈ તથા પ્રમુખશ્રી- શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા)

જમનાદાસ હાઉસ, ઈસ્કોન-આંબલી રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૫૮.


Sumiran
WOMEN'S HOSPITAL
માતા પિતા બનવાના સફરની શરૂઆત કરો અમારી સાથે
અત્યાધુનિક સુવિધા | નવીનતમ તકનીકી અને અનભવી ડોક્ટરોની ટીમ
IVF અને એન્ડોમેટ્રિઓસિસ સર્જરી માટે શ્રેષ્ઠ સેન્ટર
26
વર્ષનો અનુભવ
22,000+
IVF દર્દીઓની સારવાર
32,500+
લૅપ્રોસ્કોપિક સર્જરી
શું તમે IVF હોસ્પિટલની શોધમાં છો?
તો આજે જ સુમિરન હોસ્પિટલ સાથે જોડાવો
ડૉ. મેહુલ સુખડિયા
ગુજરાતના આરોગ્ય મંત્રી દ્વારા સૌથી પ્રતિષ્ઠિત IVF નિષ્ણાત એવોર્ડ 2023 માટે સન્માનિત
આજે જ તમારી એપોઇન્ટમેન્ટ બુક કરો:
+91 76220 00421
+91 76220 0042125
508, એ. શ્રીરામ એથન્સ, જઢેશ્વરી કી રાણી પાસે, શિવરાંજની, અમદાવાદ – 380015
વિપુલ દુધિયાની સામે, સ્ટેડિયમ ફાઇવ રોડ, નવરંગપુરા, અમદાવાદ – 380009

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત

ઉમિયા જ્યોત



શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ
- પ્રમુખશ્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

લવાજમ

છુટક નકલ રૂા. ૪૫/-
દેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/- ● ૫ વર્ષના રૂા. ૨૦૦૦/-
દેશમાં ૧૦ વર્ષ માટે રૂા. ૩૦૦૦/-
પરદેશમાં વાર્ષિક ડૉલર ૭૫ ● ૫ વર્ષ ડૉલર ૩૦૦
પરદેશમાં ૧૦ વર્ષ માટે ડૉલર ૫૦૦

પ્રકાશક - મુદ્રક

શ્રી મુકેશકુમાર અમૃતલાલ પટેલ
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઉમિયા જ્યોત વતી ડિજીટલ વેબ, એફ.પી ૩૬/૨, ઉમિયા કેમ્પસ સામે, એસ.જી.હાઈવે, ગોતા, અમદાવાદ ખાતે છપાવી ઉમિયા કેમ્પસ, સોલા, અમદાવાદ ખાતેશ્રી પ્રસિધ્ધ કર્યું.

ઉમિયા જ્યોત દર મહિનાની
૧૫મી તારીખે પ્રસિધ્ધ થાય છે, ૧૮મી તારીખે પોસ્ટ થાય છે.

લવાજમ-લેખો-પત્ર વ્યવહાર માટે

'ઉમિયા જ્યોત' કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪, ૬૩૫૪૫૩૬૪૩૬
સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી (રજાના દિવસ સિવાય)
E-mail : editorumiyajyot@gmail.com

અનુક્રમણિકા

umiyamatajiunjha umiyamataunjha



ઉમિયા જ્યોતના તંત્રીસ્થાનેથી

ડૉ. અમૃત પટેલ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

સોશિયલ મીડિયા અને યુવાનો

આજના ડિજિટલ યુગમાં મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયા માનવીના દૈનિક જીવનનો અગત્યનો ભાગ બની ગયા છે. થોડી જ સેકંડમાં વિશ્વના કોઈપણ ખૂણે બનેલી ઘટના વિશે માહિતી મળી જાય છે. સંવાદ, માહિતી અને શિક્ષણ માટે આ ટૅક્નોલૉજી એક શક્તિશાળી સાધન છે. પરંતુ આ શક્તિનો ઉપયોગ સમજદારીપૂર્વક ન થાય તો તે અનેક સમસ્યાઓનું કારણ પણ બની શકે છે.

આજે એક ચિંતાજનક સ્થિતિ એ છે કે મોબાઈલનો સંપર્ક બાળકોને ખૂબ નાની ઉંમરથી જ મળી જાય છે. ઘણા માતા-પિતા કહે છે કે મોબાઈલ વિના બાળક જમતું નથી અને રડતું હોય છે.ત્યારે ચીડિયું બને છે, એટલે તેને શાંત રાખવા માટે મોબાઈલ આપવો પડે છે. ખેતરમાં કામ કરતા ખેડૂતો હોય કે મજૂરી કરતા માતા-પિતા — પોતે જ્યારે કામમાં વ્યસ્ત હોય ત્યારે નાના બાળકને મોબાઈલ આપીને શાંત રાખવાનો ઉપાય કરે છે. આ રીતે બાળક જન્મથી જ મોબાઈલ સાથે પરિચિત થઈ જાય છે અને બાળપણથી જ મોબાઈલ જોવાની ટેવ પડી જાય છે.

શાળા અને શિક્ષણ વ્યવસ્થામાં પણ મોબાઈલનો પ્રવેશ વધ્યો છે. ઘણી ખાનગી પ્રાથમિક શાળાઓ વાલીઓને સૂચનાઓ મોબાઈલ દ્વારા મોકલે છે અને પાઠ્યસામગ્રી પણ મોબાઈલ દ્વારા પહોંચાડવામાં આવે છે. કોરોના મહામારી દરમિયાન તો ઑનલાઈન શિક્ષણ એક જરૂરી સાધન બની ગયું હતું. આ દ્રષ્ટિએ શિક્ષણ અને જ્ઞાન માટે મોબાઈલનો ઉપયોગ થાય તો તેમાં કોઈ વાંધો નથી. પરંતુ સમસ્યા ત્યારે ઊભી થાય છે જ્યારે આ જ મોબાઈલમાં રહેલી અનેક એપ્લિકેશનો બાળકો અને યુવાનોને ભટકાવી દે છે.

મોબાઈલના અતિશય ઉપયોગથી આંખ, મગજ અને મન ઉપર અસર પડે છે. હવે સંશોધનોમાં પણ સામે આવી રહ્યું છે કે લાંબા સમય સુધી મોબાઈલની સ્ક્રીન સામે રહેતા બાળકોમાં આંખનો થાક, ઊંઘમાં અવરોધ, ચીડિયાપણું અને ધ્યાનભંગ જેવી સમસ્યાઓ વધતી જાય છે. સતત બદલાતી તસ્વીરો અને વિડિઓઝ મનને સતત ઉત્તેજિત રાખે છે, જેના કારણે બાળકનું ધ્યાન એકાગ્ર રહેતું નથી. પરિણામે વાંચન, રમત-ગમત અને પરિવાર સાથેનો સમય ઓછો થતો જાય છે.

મોબાઈલના વધુ ઉપયોગથી બાળકો અને યુવાનોની શારીરિક તંદુરસ્તી પર પણ અસર પડે છે. લાંબા સમય સુધી એક જ સ્થિતિમાં બેસી રહેવાને કારણે શરીરમાં આળસ, ગળા અને પીઠના દુખાવા, આંખોની કમજોરી અને કસરતના અભાવ જેવી સમસ્યાઓ ઊભી થાય છે. બાળપણ અને કિશોરાવસ્થામાં રમત-ગમત, દોડધામ અને શારીરિક પ્રવૃત્તિઓ ખૂબ જરૂરી હોય છે, પરંતુ મોબાઈલના વધતા ઉપયોગને કારણે તે પ્રવૃત્તિઓ ઘટતી જાય છે.

ખાસ કરીને કિશોરાવસ્થામાં પ્રવેશતા યુવાનો માટે આ પ્રશ્ન વધુ ગંભીર બની શકે છે. આ સમય એવો હોય છે જ્યારે શરીર અને મન બંનેમાં પરિવર્તન થાય છે. આવા સમયે મોબાઈલમાં ઉપલબ્ધ ઘણી એવી માહિતી અને સામગ્રી હોય છે જે તે ઉંમરે જરૂરી નથી, છતાં યુવાનો તેના તરફ આકર્ષાઈ જાય છે. ઘણી વખત તેમાંથી બહાર નીકળવું મુશ્કેલ બની જાય છે. સોશિયલ મીડિયા દ્વારા યુવક-યુવતીઓ વચ્ચે સતત સંપર્ક સરળ બન્યો છે, જેના કારણે સંબંધો, મિત્રતા અને જીવનમૂલ્યો વિશેના નવા પ્રશ્નો પણ ઊભા થાય છે.

સોશિયલ મીડિયાનું એક બીજુ પાસુ પણ ધ્યાનમાં લેવા જેવુ છે. ઘણા યુવાનો સોશિયલ મીડિયા પર દેખાતી ચમક-ધમકથી પ્રભાવિત થાય છે. અન્ય લોકોના જીવનને જોઈને પોતાના જીવન વિશે અસંતોષ અથવા તુલનાની માનસિકતા પણ ઊભી થઈ શકે છે. ક્યારેક ખોટી માહિતી, અફવાઓ અથવા ભ્રામક સમાચાર પણ સોશિયલ મીડિયા દ્વારા ઝડપથી ફેલાય છે, જેના કારણે સમાજમાં ગેરસમજ પણ ઊભી થાય છે. તેથી સોશિયલ મીડિયાનો ઉપયોગ સમજદારીથી કરવો ખૂબ જરૂરી છે. આથી જરૂરી છે કે સમાજ, માતા-પિતા અને શિક્ષકો આ પ્રશ્નને ગંભીરતાથી વિચારે. બાળકોને સંપૂર્ણ રીતે મોબાઈલથી દૂર રાખવું કદાચ શક્ય નથી, પરંતુ તેનો સંયમિત અને યોગ્ય ઉપયોગ શીખવવો જરૂરી છે. બાળકોને વાંચન, રમત-ગમત, સંગીત, સંસ્કૃતિ અને પરિવાર સાથે જોડતી પ્રવૃત્તિઓ તરફ દોરવું જોઈએ. માતા-પિતાએ પણ પોતે ઉદાહરણ પૂરું પાડવું જોઈએ અને બાળકો સાથે સંવાદ જાળવવો જોઈએ. શાળાઓ, હાઈસ્કૂલ અને કૉલેજોમાં પણ આ વિષય પર ચર્ચા થવી જોઈએ. વિદ્યાર્થીઓમાં મોબાઈલના વધુ પડતા ઉપયોગથી થતા શારીરિક અને માનસિક નુકસાન વિશે જાગૃતિ લાવવી જરૂરી છે. શિક્ષકો, તબીબો અને મનોચિકિત્સકોના માર્ગદર્શનથી યોગ્ય સૂચનો તૈયાર કરી શકાય અને શિક્ષણ સંસ્થાઓમાં ઉપયોગી નિયમો ઘડી શકાય. આ પ્રશ્નમાં સરકારની પણ મહત્વપૂર્ણ ભૂમિકા હોઈ શકે છે. વિશ્વના કેટલાક દેશોમાં નાના બાળકો માટે મોબાઈલ અને સોશિયલ મીડિયા ઉપયોગ અંગે ઉંમર મર્યાદા, નિયંત્રણ અને માર્ગદર્શિકા બનાવવામાં આવી છે. આવા દેશોના અનુભવનો અભ્યાસ કરીને ભારતમાં પણ બાળકો અને યુવાનોના સ્વસ્થ વિકાસને ધ્યાનમાં રાખીને માર્ગદર્શક નીતિઓ અંગે વિચારવું જરૂરી બની રહ્યું છે.

અંતમાં એટલું સ્પષ્ટ છે કે મોબાઈલ અને સોશિયલ મીડિયા પોતે સારા કે ખરાબ નથી. તે માનવ દ્વારા બનાવવામાં આવેલા સાધનો છે. તેનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે તે સૌથી મહત્વનું છે. જો ટેક્નોલોજીનો ઉપયોગ જ્ઞાન, શિક્ષણ અને વિકાસ માટે કરવામાં આવે તો તે આશીર્વાદ બની શકે છે. પરંતુ તેનો અતિરેક અને અયોગ્ય ઉપયોગ યુવાનોના ભવિષ્ય માટે ચિંતાજનક સાબિત થઈ શકે છે. સમયની માંગ છે કે સમાજ, પરિવાર, શિક્ષણ સંસ્થાઓ અને સરકાર - સૌ મળીને આ વિષય પર વિચાર કરે અને નવી પેઢીને સંસ્કારપૂર્ણ, સંતુલિત અને સ્વસ્થ જીવન તરફ દોરી જાય.

મા ઉમા-અંબિકાએ કરેલ શુમ્ભ-નિશુમ્ભ વધ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

જગત જનની મા ઉમિયા માતાજી



વૈદિકકાળથી દેવ-દાનવ, આર્ય-અનાર્ય, સજ્જન-દુર્જન વચ્ચે સંઘર્ષ થતો આવ્યો છે. આતંકવાદનો ઓછાયો સમગ્રલક્ષી પર્યાવરણ માટે ઘાતક સાબિત થયો છે. આ સાથે સજ્જનોની રક્ષા અને ધર્મ-સંસ્થાપન હેતુ દૈવી-અંશો સતત પ્રયત્નશીલ રહ્યા છે. આવી જ એક મા ઉમા-અંબિકા અને મહાભયાનક દાનવેન્દ્ર શુમ્ભ-નિશુમ્ભ બે ભાઈઓ વચ્ચેની સંઘર્ષ-કથા કેટલાંક પુરાણોમાં મળે છે.

શુમ્ભ-નિશુમ્ભ નામના બે દૈત્ય-ભાઈઓએ પોતાના પરાક્રમથી શચીપતિ ઈન્દ્ર પાસેથી સ્વર્ગલોકનું રાજ્ય અને યજ્ઞ-ભાગ છીનવી લીધા હતા. વાયુ, અગ્નિ આદિ દેવતાઓના અધિકારોનો ઉપયોગ કરવા લાગ્યા હતા. દેવોને અપમાનિત કરી સ્વર્ગલોકમાંથી કાઢી મૂક્યા હતા. માતા પાર્વતીએ તેમને વરદાન આપ્યું હતું કે ‘મુશ્કેલીના સમયે મારું સ્મરણ કરવાથી તમારી મુશ્કેલીનો તત્ક્ષણ નાશ કરીશ.’ દેવતાઓને આ વાત યાદ આવતાં મહામાયાનું સ્મરણ કરી દૈત્યોથી પીડિત દેવતાઓ હિમાલય પાસે જગતજનની, ઈચ્છાપૂર્તિ કરનાર પાર્વતી પાસે જઈ તેમનાં સુંદર ગુણાનુરાગી નામોનું સંકીર્તન કરી સ્તુતિ કરી. જેમ કે “મુક્તિ આપનાર અંબા, સંપૂર્ણ જગતની ઉત્પત્તિ-સ્થિતિ તથા વિનાશ કરનારી મહાદેવી શિવા, શરણાગતોનું કલ્યાણ કરનારી, રિદ્ધિ-સિદ્ધિરૂપા, નિત્યા, ગૌરી, ધાત્રી, જ્યોત્સ્નામયી, ચંદ્રરૂપિણી, સુખ-સ્વરૂપા, ત્રિપુરા-સુંદરી, માતંગી” વગેરે.

આ પ્રકારે દેવોની સ્તુતિથી પ્રસન્ન માતા પાર્વતી વરદાન આપવા દેવતાઓને કહ્યું કે ‘તમે સ્તુતિ શા માટે કરી રહ્યા છો ?’ ત્યારે એક અજીબોગરીબ અદ્‌ભુત ઘટના ઘટી. પાર્વતીના શરીરમાંથી એક કન્યા ઉત્પન્ન થઈ અને તેણે કહ્યું, ‘હે માતા ! શુમ્ભ-નિશુમ્ભથી ત્રસ્ત અને પરાજિત આ દેવતાઓ મારી સ્તુતિ કરે છે; જે દેવી કોઈક સ્થાને ઉગ્રતારિકા, તો કોઈ સ્થાને મોહગ્રતારિકા વગેરે કારણો સ્વરૂપે પ્રગટ થવાથી પૃથ્વી પર ‘માતંગી’ નામે ખ્યાત બન્યાં. આ દેવીએ દેવતાઓને નિશ્ચિંત રહેવા કહ્યું અને વિના આશ્રય કાર્યો પૂર્ણ કરવાનું આશ્વાસન આપી અદ્રશ્ય થયાં. આથી હિમાલય પર રહેનારાં આ દેવી ‘કાલિકા’ નામથી વિખ્યાત થયાં.

શુમ્ભ-નિશુમ્ભના સેવક ચણ્ડ-મુણ્ડ હિમાલય પર ગયા; જ્યાં સૌન્દર્યશાલિની દેવી અંબિકાને જોયાં. તેઓએ શુમ્ભ-નિશુમ્ભ પાસે આવી દેવીનું સાંગોપાંગ, ઉપમેય સૌન્દર્યનું વર્ણન કરી તેમનું ‘હિમાલય’ સ્થાન જણાવી તેમને જોવા જવાનું કહ્યું. ચણ્ડ-મુણ્ડે શુમ્ભને પુરુષ-રત્ન તરીકે સિદ્ધ કરતાં તેની સમૃદ્ધિનું વર્ણન કર્યું; જેમાં રત્નોથી સુશોભિત મંડપ (સમુદ્રમંથનથી નીકળેલ) રત્નો; જે ઈન્દ્ર પાસેથી છીનવી લીધાં હતાં. કેટલાંક રત્નો નિશુંભ પાસે સેવામાં પણ છે. સમગ્ર દેવતાઓ પાસેથી બંને દૈત્ય-ભાઈઓએ પડાવી લીધેલ સમગ્ર સંપત્તિ તેના મહેલની શોભા વધારી રહી હતી. આ પ્રમાણે તેની સમૃદ્ધિ તથા દેવીના સૌંદર્યનું ફરીથી વર્ણન કરી ચંડ-મુંડે શુમ્ભ દૈત્યને દેવીનું ગ્રહણ કરવા લોભાયમાન કર્યો.

દેવીની સુંદરતા સાંભળીને શુમ્ભ દૈત્યે મહાદૈત્ય સુગ્રીવને દૂત બનાવી મોકલ્યો. મહામાયા સમક્ષ શુમ્ભની ખૂબ પ્રશંસા કરવા કહ્યું કે જેથી દેવી પ્રસન્ન થઈ શીઘ્ર શુંભ પાસે આવી જાય. દૈત્ય સુગ્રીવ હિમાલયમાં દેવી પાસે પહોંચી શુમ્ભના પરાક્રમો, સૌંદર્ય અને દેવતાઓ પરના આધિપત્યની પ્રશંસા કરી દેવીને શુમ્ભ પાસે આવવા કહ્યું. તેમજ દૂતે કહ્યું કે ‘તને સ્ત્રી-રત્નોમાં બધા રત્નોથી શ્રેષ્ઠ માનું છું. તમે સ્ત્રી-રત્ન છો અને શુમ્ભ પુરુષરત્ન. તેમનું વરણ કરવાથી તને તુલના રહિત ઐશ્વર્યની પ્રાપ્તિ થશે !’

આ દૂત દૈત્યની વાણી સાંભળી મહામાયાએ જે ઉત્તર આપ્યો ત્યાંથી દેવીના પરાક્રમોનું વર્ણન અને દર્શન શરૂ થાય છે; જેમ કે ‘હે દૂત ! તું સત્ય કહે છે; પરંતુ મેં પ્રતિજ્ઞા કરી છે કે જે મારા અહંકારને દૂર કરશે અને યુદ્ધમાં જીતશે તેને જ હું પતિરૂપે વરણ કરીશ ! આ વચન તું શુમ્ભ-નિશુમ્ભને કહેજે ! અહીં આવી મને જીતીને મારું પાણિગ્રહણ કરે !’ દેવીનું વચન સાંભળી મહાદૈત્ય સુગ્રીવે દૈત્યરાજ શુંભ પાસે આવી વિસ્તૃત વાર્તાલાપ સંભળાવ્યો. આથી શુમ્ભ દૈત્ય ક્રોધપૂર્વક એક પછી એક દૈત્ય સેનાપતિને યુદ્ધ માટે મોકલવા લાગ્યો. મજાની વાત તો એ છે કે; જે દૈત્યને માર્યો, તે દૈત્યના નામ પરથી દેવીનાં જુદાં-જુદાં નામકરણ થયાં.

દૈત્યરાજ શુમ્ભે ક્રોધપૂર્વક પ્રથમ બળશાળી સેનાપતિ 'ધૂમ્રાક્ષ'ને દેવી પાસે મોકલતાં કહ્યું કે, 'હિમાલય પર સૌંદર્યવતી સ્ત્રીરત્ન છે. ત્યાં જઈ જે રીતે તે અહીં આવે એ પ્રકારે લઈ આવો ! જો તે યુદ્ધ કરવાનું કહે તો યુક્તિપૂર્વક યુદ્ધ કરો !' આ પ્રકારના આદેશથી યુક્ત ધૂમ્રાક્ષ હિમાલય પર પહોંચી ત્રૈલોક્યની સ્વામિની માતા પાર્વતીના અંશથી ઉત્પન્ન દેવીને કહ્યું - 'તું પ્રસન્નતાપૂર્વક મારા સ્વામી શુમ્ભ પાસે ચાલ, નહીં તો તારા કેશ પકડી, ઘસડીને તને લઈ જઈશ ! નહીં તો સાઈઠ હજાર દૈત્યોની સાથે તારો નાશ કરી દઈશ !' માતા અંબિકાએ કહ્યું કે, 'તું મને મારી નાખીશ તો હું તારું શું કરી શકીશ ? પરંતુ વિના યુદ્ધ હું ક્યારેય આવીશ નહીં.' આ સાંભળી દૈત્ય મારવા દોડેલા તેને મહેશ્વરીએ પોતાના હુંકાર માત્રથી ભસ્મ કરી દીધો. ધૂમ્રાક્ષનો વધ કરવાને કારણે દેવી 'ધૂમવતી'ના નામથી સંસારમાં જાણીતાં બન્યાં. ધૂમ્રાક્ષનો વધ કર્યો ત્યારે તેમના વાહન સિંહે અતિ ક્રોધપૂર્વક રાક્ષસોનું ભક્ષણ કર્યું; બાકી વધ્યા તે ભાગી ગયા.

ધૂમ્રાક્ષ વિશે સાંભળતાં જ તેણે ચણ્ડ-મુણ્ડને યુદ્ધ માટે મોકલ્યા. તેઓ આસુરી સેના લઈને હિમાલય પહોંચ્યા, ત્યાં મંદ-મંદ હાસ્ય કરતી અણિમા આદિ સિદ્ધિઓથી યુક્ત સિંહ પર બિરાજમાન અને પોતાની કાન્તિથી સર્વ દિશાઓને પ્રકાશિત કરતી દેવીની પાસે જઈ કહ્યું - "અતિ શીઘ્ર શુમ્ભ-નિશુમ્ભના ચરણોમાં જા, નહીં તો તને ગણો અને વાહનો સહિત મારી નાખીશું. આઠ લોકપાલો વગેરેથી સ્તુતિ કરાયેલા શુમ્ભનું પતિ રૂપે વરણ કર. તને દેવતાઓથી દુર્લભ સુખ પ્રાપ્ત થશે." ચણ્ડ-મુણ્ડની આ વાત સાંભળી દેવીએ મધુર વચન કહ્યું - "હું પરમાત્મા ભગવાન આશુતોષની પરમ સૂક્ષ્મ પ્રકૃતિ છું અને પતિને કયા સ્વરૂપે વરણ કરું ? કામથી પીડિત સિંહણ શિયાળને વરણ ન કરી શકે. હાથણી ગધેડાને અને ગેંડાની સ્ત્રી સસલાને ક્યારેય વરણ કરતી નથી.

આ સાંભળી દૈત્યે કહ્યું કે 'તને સ્ત્રી જાણી તારો વધ નથી કરતા. જ્યારે તારા મનમાં ઈચ્છા થાય ત્યારે મૃત્યુના મુખમાં આવજે.' બંને પક્ષે કલહ વધી ગયો. અત્યંત ક્રોધને કારણે મહામાયાનું મુખ કાળું પડી ગયું. ક્રોધને કારણે વિકરાળ મુખ વાળી 'કાલી' હાથમાં તલવાર અને પાશ લઈ ત્યાં પ્રગટ થઈ. દેવીનું રૂપ અત્યંત સોહામણુ હતું. ચિત્તાના ચામડાની સાડી પહેરેલી, નર-મસ્તકોની માળાથી સુશોભિત, સુકાયેલા માંસથી યુક્ત શરીરવાળી, કેવળ હાડપિંજરથી યુક્ત, વિસ્તૃત મુખવાળી અને જીભ લપલપાવાને કારણે એકદમ ભયાનક લાગતી હતી. આમ 'મહાકાલી' નામ ધારણ કરેલી દેવી અને દૈત્ય વચ્ચે યુદ્ધ શરૂ થયું. દેવીએ ભયંકર ગર્જના સાથે મોટા-મોટા દૈત્યોના વધ સાથે સમગ્ર સેનાનું ભક્ષણ કર્યું. અત્યંત ભયંકર લાગતી તે હાથીઓને પકડી ખાઈ જતી, કોઈના બાલ પકડી ઘસડતી, તો કોઈનું ગળું દબાવી મારી નાંખતી હતી. મહામાયા પાર્વતીજીના શરીરમાંથી ઉત્પન્ન અંબિકાદેવીના મુખથી ઉત્પન્ન અનેક રીતે મહાકાલીએ દુરાત્મા દૈત્યોની સેના સહિત સંહાર કર્યો ત્યારે ચણ્ડ અને મુણ્ડે બાણોની વર્ષા કરી મહાકાલીને ઢાંકી દીધી. દિવ્ય ભયંકર અટ્ટહાસ્ય કરી હાથમાં તલવાર લઈ 'હં'નું ઉચ્ચારણ કરી ચણ્ડ પર આક્રમણ કર્યું. તેના કેશ પકડી તલવારથી મસ્તક કાપી નાખ્યું. ચણ્ડને મૃત્યુ પામેલો જોઈ મુણ્ડ દેવીની સામે દોડ્યો. દેવીએ અત્યંત ભયંકર ક્રોધથી ગર્જના કરી મુણ્ડને પણ મારી નાંખ્યો. અસુરોની સેના ચારે બાજુ ભાગવા લાગી. કાલીએ ચણ્ડ-મુણ્ડનાં મસ્તક હાથમાં લઈ ચંડીકા પાસે પહોંચી કહ્યું - 'ચણ્ડ-મુણ્ડ નામનાં બે પશુઓ તમને ભેટ આપ્યાં છે. હવે સ્વયં શુમ્ભ-નિશુમ્ભનો વધ કરવો. ચણ્ડ-મુણ્ડનાં મસ્તક લાવવાથી કે વધ કરવાથી કાલી સંસારમાં 'ચામુંડા'ના નામથી વિખ્યાત બન્યાં.

(ક્રમશઃ આવતા અંકે)

સંદર્ભ :

❖ સંદર્ભ : દેવીભાગવતપુરાણ, સ્કંધ-૫,અ.૧૧-૧૨, શિવપુરાણ, ઉમા-સંહિતા, અ.૪૮-૪૯; માર્કણ્ડેયપુરાણ, અ.૮૧-૮૬, ૯૨



ડૉ. સમીરકુમાર કે પ્રજાપતિ

વિભાગ : ૨ પાટીદારોની ઉત્પત્તિ, ઈતિહાસ અને ભ્રમણો

કડવા પાટીદારોનું કચ્છમાં સ્થળાંતર અને તેમની અટકો

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

ગુજરાતમાં ઘણા સમય સુધી ઊંઝાની આજુબાજુમાં કડવા પાટીદારોની ઓળખ સાથે ખેતીનો મુખ્ય વ્યવસાય કરતા રહ્યા. તે વખતે જંગલો કાપીને જમીનો તૈયાર કરવા માટે જાતમજૂરીનું કામ ખૂબ જ પરિશ્રમ વેઠીને કરેલ. જમીનો તૈયાર કરી ખેતી કરાવાના કસબી બન્યા અને તેમાં ગુજરાન ચલાવવા લાગેલ. વફાદાર અને મહેનતુ પ્રજા તરીકે આખો સમાજ ઊભરી આવ્યો. જેની પ્રશંસા દેશના અન્ય પ્રાંતમાં પણ થવા માંડી. તે વખતે શિક્ષણના અભાવથી ખેતી ઉપર જ બધાનો આધાર રહેતો અને દિનપ્રતિદિન પરિવારો વધતાં ગયાં. જમીનો પણ ટૂંકી થવા લાગી. તે અરસામાં કચ્છના મહારાજા ભોજરાજ તેમજ ખેંગારજી મહારાજને સમાચાર મળ્યા કે પાટીદાર ભાઈઓ મહેનતુ અને વફાદાર છે. ખેતીના કસબી છે. તે જાણી તેઓએ ઊંઝાની આસપાસ રહેતા વડીલોને આમંત્રિત કર્યા, અને પૂરેપૂરી મદદ કરવાનું કહ્યું. આપણા પૂર્વજોએ સૌ ભેગા મળીને કચ્છ તરફ જવાનું વિચાર્યું.

વિ.સ. ૧૬૦૦ની આસપાસ કચ્છ જવા પ્રયાણ કર્યું અને તે વખતે રસ્તા કે સાધનોની પણ સગવડ ન હતી તેમ છતાં બળદગાડાં કે ચાલતાં ચાલતાં અજાણ્યા પ્રદેશ તરફ જવા રવાના થયા. રસ્તામાં રણપ્રદેશ હોવાથી ખૂબ જ મુશ્કેલીઓ વેઠીને દશેક દિવસ બાદ ભચાઉથી થોડા આગળ ચાલી 'શીકરા' ગામ પાસે પહેલો પડાવ નાખ્યો અને અજાણી ભોમકામાં ત્યાંના લોકો જોડે સંપર્ક કરીને જે કાંઈ કામ મળતાં તે આજુબાજુના ગામમાં જઈને કરવા લાગ્યા. આપણા કેટલાક વડવાઓ તે વખતે ઢોર-ગાય-ભેંસોને ચારવા પણ જતા હતા. તેવામાં તે વખતે બહારવટિયાઓનો ત્રાસ પણ ખૂબ જ હતો. તેમાં એક વખત ગાયોના ધણને બહારવટિયાઓ લઈ જવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ધણને બચાવવામાં આપણા કેટલાક વડીલો શીકરામાં શહીદ થયા. કેટલાક પરિવારોએ છત્ર ગુમાવ્યાં. તેમના પાળિયા આજે પણ ગામના પાદરમાં મોજૂદ છે, છતાં પણ હિંમત રાખીને વિશ્વાસ સાથે સમય પસાર કરવા લાગ્યા.

વિ.સ. ૧૬૮૦ની આસપાસમાં શીકરાથી આગળ વધીને કચ્છના અંજાર, ભુજ, નખત્રાણા, માંડવી, અબડાસા વગેરે શહેરોની આસપાસમાં ત્યાંના દરબારોના સાથ સહકારથી ગામો વસાવ્યાં અને તેનાં તોરણ પણ આપણા વડીલોએ બાંધ્યાં તેના પુરાવા મળે છે. શરૂઆતમાં અહીં પણ જમીનમાં ઝાડબીડ વગેરે ખૂબ જ હતાં. જંગલી જાનવરોનો પણ ત્રાસ હતો તેમ છતાં પણ વડીલોએ સંઘર્ષ કરી તે ભૂમિને કર્મભૂમિ બનાવી. શરૂઆતમાં કેટલાક વડીલોએ પોતાની કુરબાની આપી અને ત્યાં પોતાની પરિવારની યાદમાં ખાંભીઓ બનાવી તેના પાળિયા આજે પણ મોજૂદ છે અને જે તે પરિવારોના ગોત્રી આજે પણ તેની સેવાપૂજા કરી રહ્યા છે, આજે પણ જે તે પરિવારના 'સૂરધન' તરીકે પૂજાય છે. કોઈ પરિવારને તકલીફ હોય તો તેની બાધા માનતા કરતા હોય તો તેની ભાવના ફળતી હોય છે. દિનપ્રતિદિન તેની આસ્થામાં વધારો થતો રહ્યો છે. આજે ઘણી



જગ્યાએ મોટાં બાંધકામ થઈ ગયાં છે અને દેવળ તરીકે પૂજાય છે. અહીં બાળકોની 'બાબરી' ઉતારવા પ્રથા પણ પ્રચલિત છે. નવયુગલોને લગ્ન બાદ ''છેડાછેડી''માંથી છોડાવવા માટે પણ આજે સૂરધનની જગ્યાએ જાય છે અને આશીર્વાદ લે છે.

રાઓશ્રી ખેંગારજી બાવાએ સંવત ૧૬૦૪ માં અંજારનું તોરણ બાંધ્યું અને ત્યારબાદ સંવત ૧૬૧૧ ભુજનગરનું તોરણ બાંધ્યું. અને રાઓશ્રી ખેંગારજી બાવાએ સંવત ૧૬૩૬માં માંડવી સ્થાપના કરી.

કચ્છ કડવા પાટીદારોનો કચ્છમાં પ્રવેશ અને વસવાટ

શાખ	વસાવેલ ગામ	સંવત	પાછળથી ગયેલા તે ગામ	સંવત
વેલાણી	શીકરા	૧૫૮૦	માનકુવા	૧૭૦૨
રામાણી	શીકરા	૧૫૯૨	નખત્રાણા	
પોકાર (બાથાણી)	શીકરા	૧૫૯૮	દરસડી	૧૭૮૪
નાકરાણી	શીકરા	૧૬૫૦	વીરાણી	
ચોપડા	શીકરા	૧૬૭૧	મગવાણા	૧૮૧૮
પોકાર	શીકરા	૧૬૮૩	ખોંભડી	૧૭૦૪
ઠાકરાણી	શીકરા		ભડાળી	૧૬૯૦
પોકાર	શીકરા	૧૭૧૦	મથલ	૧૭૪૨
પોકાર	શીકરા	૧૭૧૯	નખત્રાણા	૧૮૨૮
છાભૈયા	શીકરા	૧૭૬૫	કોટડા	૧૮૨૩
લીંબાણી	શીકરા	૧૭૬૫	નખત્રાણા	૧૭૯૮
ચોપડા	શીકરા		અંગીયા	૧૭૬૮
લીંબાણી	શીકરા	૧૭૮૨	ગડાણી	૧૮૧૩
સુરાણી	શીકરા		વિથોણ	૧૮૦૧
ગોગારી	શીકરા		વીરાણી	૧૮૦૩
દિવાણી	શીકરા		વીરાણી	૧૮૦૫
ભાવાણી	શીકરા		કરબોઈ	૧૮૩૧

આ રીતે કચ્છ કડવા પાટીદારો સંવત ૧૫૮૦ થી સંવત ૧૮૨૮ સુધી ગુજરાતમાંથી સ્થળાંતર કરીને કચ્છના અલગ અલગ ગામમાં વસવાટ કર્યો હતો.

અખિલ ભારતીય કડવા કચ્છ પાટીદાર સમાજની નુખ, ગોત્ર, સુરધન બાપાનું નામ તથા સુરધન બાપાના ગામની યાદી

કડવા પાટીદારમાં કુલ બાવન શાખાઓ આવેલ છે. તેમાંથી આપણા કચ્છ કડવા પાટીદાર સમાજમાં ચોત્રીસ શાખાઓ આવેલ છે. બાકીની અઢાર શાખાઓ કચ્છ કડવા પાટીદાર સમાજમાં નથી. તેથી તેનો ઉલ્લેથ કરેલ નથી.



મૂળ શાખાનું નામ	પેટા શાખાનું નામ	ગોત્ર	સુરધનબાપાનું નામ	સુરધનબાપાનું ગામ
પોકાર	બાથાણી, નરસીગાણી, સેંધાણી, પેથાણી કેશરાણી, રતલાણી, લાખાણી, સુરાણી દાનાણી, ભીમાણી, વળવાણી, ઉકેડાઈ ગાંગાણી, લઘાણી, સામાણી, ધનાણી સાંઘાણી, અજારીયા, જાળવાણા.	અત્રી ઋષિ	રવજીદાદા શીવજીદાદા ભાણજીદાદા કચરાદાદા પરબતદાદા શોભણદાદા જીવરાજદાદા અરજણદાદા રવજીદાદા ખેતાદાદા રવજીદાદા રૂડબાઈફઈમા	ધાવડા જીયાપર જીયાપર જીયાપર ઘડાણી ખેડોઈ નાના અંગીયા ગડાણી ગડાણી ગડાણી મોટાકાદીયા મોટાકાદીયા
માંડતોલ	લીબાણી - આણદાણી	ભૃગુ ઋષિ	હરદાસદાદા	ઘડાણી
માંડવીયા	છાભૈયા, પારેખ, કેશરાણી	અંગિરા ઋષિ	ગોવાદાદા પ્રેમજીદાદા કાનજીદાદા ભોજાદાદા સવજીદાદા કચરાબાપા કરમસીદાદા દેવકાંફોઈ	અરલ અરલ ભડળી ભડળી ખેડોઈ-નવાગામ આનસર મોટીવીરાણી મોટીવીરાણી
ધોળુ	નરશીંગાણી	પિપલાદ ઋષિ	ગોવાદાદા (ગોવિંદદાદા) લખુદાદા શામજીદાદા	ખેડોઈ માનકુવા ધાવડામોટા
ભકકા	પારસીયા	કપિલ ઋષિ	સુરાદાદા સુરાદાદા	અંગીયામોટા ભેરૈયા



ગામી	રામાણી, રવાણી, સેંધાણી, રાજાણી, વાલાણી, ધનાણી, દાનાણી, નયાણી, રૂડાણી, ભોજાણી, મેપાણી, વાલજીયાણી, ડોસાણી, સુરાણી, છભાણી, રૈયાણી, કમાણી, તેજાણી, પદમાણી	વશિષ્ઠ ઋષિ	રામજીબાપા સતીરૂડીમાં	માનકુવા નખત્રાણા
ભુવા	સુરાણી, ભગત, પદમાણી, ભોજાણી, નાયાણી, વાલાણી, સામાણી, માનાણી, રત્નાણી, ખેતાણી, ધરમશીયાણી,	કશ્યપ ઋષિ	ગોપાલદાદા ખેતાદાદા સુરાદાદા	માનકુવા વિથોણ રાયણી
દાણી	ભાવાણી	શાંડિલ્ય ઋષિ	પુંજાદાદા કરશનદાદા શીવજીદાદા શીવજીદાદા	વિગોડી વિગોડી ખોંભડી આનસર
ડાકોતર	સેંઘાણી, ડાયાણી	અગસત્ય ઋષિ	હીરજીદાદા કાનજીદાદા હંસરાજદાદા ધનજીદાદા	ગઢશીશા ગઢશીશા દરશડી મામાઈમોરા
મુંજાત	વેલાણી, વાસાણી	અશીત ઋષિ	વેલાદાદા વાલાદાદા	શીકરા જીયાપર
દીવાણી	ખેતાણી, નાયાણી, કાનાણી, કાનજીયાણી	ગૌતમ ઋષિ	ખેતાદાદા આઈમાં રૂડાદાદા	વિરાણી વિરાણી વિરાણી
મનવર	સાંખલા, પ્રેમજીયાણી, પાંચાણી	દેવલ ઋષિ	કરશનદાદા માધાદાદા વાસાદાદા	ઉગેડી ઉગેડી બાંડીયાનેત્રા
ગોઠી	માકાણી	અપરમા ઋષિ	માકાદાદા ભગુદાદા	ચકારકોટડા ચકારકોટડા
શીરવી	રૂડાણી, પાંચાણી, ડાયાણી, સવજીયાણી, વસતાણી, પુંજાણી, કેશરાણી, સામાણી કરમશીયાણી, મેઘાણી	ચ્યવન ઋષિ	રણમલદાદા લાલજીદાદા સતીમાં	નખત્રાણા નખત્રાણા અંગીયા



મોખાત	નાકરાણી, જાદવાણી, અખીયાણી, મેઘાણી, પાંચાણી, સોમજીયાણી, માનાણી, પેથાણી, હરજીયાણી	ભારદ્વારઋષિ	રાઘાબાપા મૈદાસદાદા ગંગાસતીમાં	નાગલપુર અંગીયા મોટીવીરાણી
ભેમાત	રામજીયાણી	યમદગ્ન ઋષિ	મીઠુદાદા	કરબોઈ
કર્ણાવત	ભોજાણી, ઉકાણી, ખીમાણી, લાખાણી	મૈત્રેય ઋષિ	પેથાદાદા ભાણજીદાદા	ખેડોઈ ખેડોઈ
લહુઓટ	ભગત	રૂચિક ઋષિ	ધનજીદાદા જીવાંમાં	નાનાઅંગીયા નખત્રાણા
ગોદાળ	ચૌહાણ	કૌશિક ઋષિ	નાગજીદાદા ગંગામાં	ખોંભડી નખત્રાણા
અમૃતિયા	રંગાણી	શૌનક ઋષિ	રાજાદાદા	રામપર-નેત્રા
હોતી	ચૌધરી	વાલ્મિકી ઋષિ	ડાહ્યાદાદા કાનજીદાદા કર્મણદાદા પચાણદાદા હીરાદાદા	માનકુવા માકુવા દુજાપુર દરશડી-મોટીવિરાણી દરશડી
ગોગડા	ગૌરાણી, હળપાણી, ડોસાણી, માનકુવાઈ, રાવરાણી	યવરવ ઋષિ	કરશનદાદા ધનબાઈમાં દેવજીદાદા મેઘજીદાદા	મથલ મથલ નવાગામ સાયરા
			ભાણજીદાદા સતીમાતા	ખોભડી સાયરા
ચોપડા	ચોપડા	કૃતુ ઋષિ	જીવરાજદાદા	નાનાઅંગીયા
શેઠીયા	ભીમાણી, પરવાડીયા	પુલત્સ્ય ઋષિ	જીવરાજદાદા મેઘાબાઈમાં જીવરાજદાદા	જીયાપર દુધઈ ગઢશીશા
મજેઠીયા	ગોગારી	માર્કંડેય ઋષિ	માવજીદાદા માનણદાદા	માનકુવા અંગીયા
ટીલાત	માવાણી, લાલાણી, સવાણી, મેપાણી, બંધુકીય	શૌભરી ઋષિ	સતીમાં શીવજીદાદા કાનજીદાદા	ગડાણી દેશલપર દેશલપર



સાકરીયા	ભાદાણી, મૈયાત, વાસાણી, રવાણી, ડોસાણી	શૃંગુ ઋષિ	માબાઈમાં વાલાદાદા નાથાદાદા રવજીદાદા ડોસાબાપા	દજાપર જીયાપર બાંડીયા-નેત્રા (નાગવીરી) ખોંભડી દુજાપર
જુવાવત	જબુવાણી, વાઘડીયા	ત્વષ્ઠા ઋષિ	લધ્ધાદાદા ખેતાદાદા	મોટાકાદીયા દજાપર
રૂષાત	દડગા	કાર્તિક ઋષિ	વિસરામદાદા	વિરાણીમોટી
લારી	વાડિયા	ઉતંગ ઋષિ	નાઈયાદાદા સતીમાં કાળુજીદાદા	લુડવા લુડવા લુડવા
પહાણ	ઠાકરાણી	દધીચી ઋષિ	રૂપાવતીમાં જખબાપા	ભડલી ભડલી
ભકકા ચપેલીય	કાલરીયા પજવાણી	પરાસર ઋષિ માર્કતંડ ઋષિ	શામજીદાદા પેથાબાપા	વિગોડી ખોભડી
કડવાતર	ચીકાણી	રોમેષ ઋષિ	નાગદાદા કાળુદાદા ચીકાબાપા	દુધઈ ઘમડકા ઘમકડા

ખાસ ધ્યાન રાખવા જેવી બાબતો :

૧. પદમાણી નુખ : સુરાનીમાં છે અને રામાણીમાં પણ છે.

૨. મેપાણી નુખ : રામાણી છે માવાણીમાં છે અને સુરાણીમાં પણ છે.

૩. ભોજાણી નુખ : રામાણીમાં છે સુરાણીમાં છે અને અલગ નુખ પણ ભોજાણી છે.

૪. સેઘાણી નુખ : પોકારમાં છે સુરાણીમાં છે રામાણીમાં છે અને અલગ નુખ સેંઘાણી પણ છે.

૫. કેસરાણી નુખ : રૂડાણીમાં છે અને છાભૈયામાં પણ છે.

૬. વાસાણી નુખ : સાકરીયામાં છે અને વેલાણી-વાસાણી અલગ નુખ પણ છે.

૭. સુરાણી નુખ : પોકારમાં છે અને સુરાણી અલગ નુખ પણ છે.

૮. મુળશાખા ભક્કાની બે પેટા-શાખા છે. ૧ - પારસીયા ૨- કાલરીયા આ બંને નુખના સુરધનદાદા અલગ-અલગ છે. તેમજ બંનેના ગોત્ર અલગ-અલગ છે.

ઉપર મુજબની માહિતી મેળવવા માટે જે તે વિભાગીય સમાજની વસ્તી ગણતરી પુસ્તિકાઓમાં લખેલા કુટુંબોની નુખ શાખ



કે અટકો શોધી કાઢીને લાગતા-વળગતા વ્યક્તિઓના મોબાઈલ નંબર શોધી કાઢીને તેમનો સંપર્ક કરીને તેમની પાસેથી પરિવારોની વિગતો જાણવાનો પ્રયત્ન કરેલ છે. જનસંખ્યાનાં આંકડા અહીં દર્શાવેલ નથી. તેમજ પાટીદાર સંદેશ અને ઉમા-દર્પણનું નિયમિત વાચનના કારણે તેમાં પરિવારોના મિલનના સમચારો તેમજ સુરધન દાદાના સ્થાપકે થનાર પ્રોગ્રામના સમાચારો આવે છે. તેમાં લખેલા મોબાઈલ નંબરો શોધી કાઢીને ઉપરની માહિતી મેળવવાનો પ્રયત્ન કરેલ છે છતાં કોઈ ભૂલ રહી ગયેલ હોય તો સમાજ પ્રત્યેના લગાવને કારણે અને સમાજની આવનાર પેઢીને માર્ગદર્શન મળે. તેવા શુભ-આશયથી આ કાર્ય કરેલ છે.

કચ્છ કડવા પાટીદાર સમાજની અટકો આ પ્રમાણે છે.

ક	કાલરીયા, કાનાણી, કાનજીઆણી, કેસરાણી, કડવાતર, કરાણ, કરમશીયાણી
ખ	ખેતાણી, ખીમાણી
ગ	ગોરાણી, ગોગારી, ગામી, ગોઠી, ગોગડા, ગોદાળ
ઘ	ઘોઘારી
ચ	ચીકાણી, ચૌધરી, ચૌહાણ, ચોપડા, ચપેલીયા
છ	છાભાણી, છાભૈયા, છત્રાણી
જ	જાદવાણી, જબુઆણી, જુવાતર
ઝ	-
ટ	ટીલાત
ઠ	ઠાકરાણી
ડ	ડોસાણી, ડાયાણી, ડાકોતર
ઢ	-
ણ	-
ત	તેજાણી
થ	-
દ	દડગા, દાનાણી, દાણી, દિવાણી
ધ	ધનાણી, ધોળુ
ન	નાથાણી, નાકરાણી, નાયાણી, નરસેંગાણી,
પ	પદમાણી, પાચાણી, પ્રેમજીયાણી, પજવાણી, પરવાડીયા, પારસીયા, પેથાણી, પારેખ, પહાણ, પોકાર, પુંજાણી, પદમાવતી, પરબતાણી
ફ	ફયાણી

બ	બંધુકીયા, બાથાણી,
ભ	ભોજાણી, ભાદાણી, ભાવાણી, ભીમાણી, ભગત, ભેમાત, ભુવા, ભકકા, ભાણજીયાણી
મ	મેથાણી, માકાણી, મેઘાણી, માનાણી, માઘાણી, માનકુવાઈ, મૈયાત, મેઘાણી, માંડલોત, મુંજાત, મોખાત, મજીઠીયા, મનવર, માંડવીયા, મુખી, મેપારી
ર	રાવરાણી, રૂડાણી, રૂષાત, રામજીયાણી, રામાણી, રવાણી, રાજાણી, રૂમાણી, રૈયાણી, રંગાણી, રત્નાણી
લ	લીબાણી, લાલાણી, લસ્તાણી, લાખાણી, લખાણી, લઘાણી, લારી, લકુઓટ,
વ	વેલાણી, વાલાણી, વાલજીયાણી, વાડીયા, વાસાણી, વડવાણી, વાગડીયા, વ□સ્તાણી
સ	સેંઘાણી, સુરાણી, સોમજીયાણી, સવાણી, સુરાણીભગત, સામાણી, શાંખલા, સવજીયાણી, સાંગાણી, સાકરીયા, શેઠીયા, શીરવી
હ	હળપાણી, હોતી, હરજીયાણી
અ	અણદાણી, અખીયાણી, અજોરીયા, અમૃતિયા
ઉ	ઉકાણી, ઉદેડાઈ, ઉકેડાઈ

કે. વી. પટેલ (ધનસુરા)





વિભાગ : ૩ પાટીદાર જ્ઞાતિ ઇતિહાસની અટારીએથી

સંતશ્રી નથ્થુરામબાપાનું જીવન ઝરમર

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

સંતશ્રી નથ્થુરામબાપા



પાવનધામ, વડાલીકંપા, જી. સા.કાં.

બ્રહ્મલીન નથ્થુરામબાપાનો જન્મ કરબોઈ ગામે તા. ભુજ જિ. કચ્છ-ભુજમાં આજથી આશરે (૧૨૫) એકસો પચ્ચીસ વર્ષ પૂર્વ એક સામાન્ય કડવા પાટીદાર પરિવારમાં થયો હતો. પરિવાર ખૂબ જ સંસ્કારી અને ભક્તિમય જીવન વિતાવતો હતો. આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં પણ ઘેર કોઈ સાધુ સંત કે અભ્યાગત આવતા તેને ખૂબ ભાવ સભર આવકારો આપતાં. બંને માતા-પિતા ભક્તિમય જીવન પસાર કરતાં, તેવામાં બાપાની માંડ ચૌદ વર્ષની ઉંમર થઈ ત્યાં પિતાજી સ્વર્ગે સિધાવ્યા. પરિવાર શોકાતુર બન્યો. બધા રોક્કળ કરતાં હતાં ત્યારે બાપાએ તેમનાં માતાજીને કહ્યું કે, “મા નામ તેનો નાશ અને જન્મ્યું તે જવાનું. ખીલ્યું તે કરમાવાનું છે. આપણે સૌએ પણ આ રસ્તે જવાનું છે” આવી શિખામણ આપી. બાપાના આશ્વાસનથી સૌનું દુઃખ હળવું થયું. ત્યારે જ પરિવારે આટલી નાની અવસ્થામાં ઊંચા વિચારો છે, જરૂર આ દીકરાને ઈશ્વરકૃપા પ્રાપ્ત છે તેવું નક્કી કર્યું.

આમ નાની અવસ્થામાં જ પરિવારની જવાબદારી આવી પડી, તેને સ્વીકારી ખેતીના કાર્યમાં જોડાઈ ગયા, સાથે સાથે ભક્તિમય જીવન પસાર કરતાં કરતાં સંધ્યા આરતી, જપ, તપ, નામસ્મણ કરતા રહ્યા, એક દિવસ ગામમાં ગુરુજી પધાર્યા. તેની પાસે સંતસમાગમ કર્યો અને તેને નિઃસંકોચપણે ગુરુમહારાજને કહ્યું કે, “મારી ભક્તિ શ્રધ્ધા અડગ બને તેવું કંઈક કરો.” ત્યારે એક રાત્રે વાડીમાં કૂવા પાસે લઈ ગયા અને ગુરુજીએ કહ્યું કે પગ કૂવા તરફ નીચે કરી આંખો બંધ કરી, હરિ સ્મરણ કરો. બાપા ધ્યાનમાં લીન હતા. તેવામાં કૂવાનું પાણી ઉપર આવ્યું, ગુરૂમહારાજ તથા નથ્થુરામબાપાએ પગનો સ્પર્શ કર્યો. કૂવામાંથી ગંગાજી ઉપર આવ્યાં જેનાં તેમણે દર્શન કર્યો. ત્યારે બાપા ગુરુજીને પગમાં પડી ગયા અને પોતાની ભક્તિ ઉપર અડગ વિશ્વાસ બેઠો. ગુરુજીએ બાપાને આશીર્વાદ આપ્યા અને આધ્યાત્મિક્તા તરફ આગળ વધવા કહ્યું, ત્યારથી બાપાના જીવનમાં બદલાવ આવી ગયો.

ખેતીકામ કરતા અને પરિવારનો નિર્વાહ કરતા તેવા સમયે કચ્છમાં દુકાળ પણ પડતાં અને આવક પણ ખૂબ ઓછી આવતી. તેવા સમયે નથ્થુરામબાપાની ઉંમર આશરે વીસ વર્ષની હતી ત્યારે ગામમાંથી બીજા મિત્રો કોલકત્તા કમાવા માટે જતા હતા. બાપાએ માતાજીને કહ્યું કે, “મને પણ રજા આપો તો હું પણ મજુરીકામ કરવા મિત્રો સાથે જઈ થોડી કમાણી કરી બાપુ માતાજીને દીકરાને દૂર કામ માટે મૂકવો યોગ્ય ના લાગ્યો. પણ બાપાની ખૂબ જ ઇચ્છાને રોકી શક્યાં નહીં, ત્યારે માતાજીએ કહ્યું,” ભલે સુખેથી જા, તારૂં શરીર જાળવજે અને પ્રભુ સ્મરણ કરતો રહેજે, તારી રક્ષા ભગવાન કરશે. આશીર્વાદ આપી વિદાય કર્યા.

રવાના થયા પછી ચાર પાંચ દિવસે રેલ્વે દ્વારા કોલકત્તા પહોંચ્યા. કામની શોધ કરતાં બાબુ શેઠને ત્યાં લાકડાં વેરાણનું કામ નક્કી કર્યુ. શહેરથી વીસ ગાઉ છેટે જંગલ હતું. ત્યાંજ કામ કરવાનું હોવાથી ઘાસની ઝૂંપડી બનાવી ચાર-પાંચ મિત્રો સાથે રહી કામ કરતા. એક વખત કોલકત્તાની આજુબાજુમાં ખૂબ મોટું વાવાઝોડું આવ્યું. કેટલાંય મકાનો ઝાડ બીડ ધરાશાયી થઈ ગયાં. ઘણું બધુ જાન-માલનું નુકસાન થયેલ, તે વખતે બાબુ શેઠને ચિંતા થવા લાગી. જંગલમાં મારા માણસોની શી હાલત હશે ? બીજા દિવસે શેઠ, ઘોડાગાડી લઈને જંગલમાં જોવા ગયા. રસ્તામાં ઝાડ-બીડ ખૂબ જ પડી ગયેલ હતાં. તે જોઈ શેઠ અનુમાન કરવા લાગ્યા કે માણસોની હાલત ખૂબ જ ખરાબ થઈ હશે, પરંતુ જેવા શેઠ ઝૂંપડી નજીક આવ્યા ત્યારે જોયું તો આ પાંચે મિત્રો ઝૂંપડીમાં દીવો પ્રગટાવેલ અને હરિ સ્મરણ કરતા જોયા. શેઠ પણ દીવા આગળ નમી પડ્યા અને કહેવા લાગ્યા આ કેવો ચમત્કાર, આટલી બધી હોનારત થઈ અને તમે હેમખેમ છો ! તે જોઈ નવાઈ પામ્યા. ત્યારે નથ્થુરામબાપાએ કહ્યું કે અમો બધા સાથે મળી હરિસ્મરણ કરતાં રાત પસાર કરી, અમોને કોઈ પણ જાતની આંચ આવી નથી.

અમારા સદ્‌ગુરુની કૃપાથી અમારી રક્ષા થઈ હશે. આ વાત શેઠ આગળ કરી અને મનોમન પ્રાર્થના કરી કે ભગવાન જરૂર આપણી રક્ષા કરતા હોય છે. આમ થોડાં વર્ષો પછી શેઠનું કામકાજ પૂર્ણ કરી ઘર તરફ આવવા શેઠની રજા લેવા ગયા. શેઠે પણ ખૂબ જ આર્થિક મદદ કરી અને સૌ પરત પોતાના ઘેર આવ્યા.

કેટલાંક વર્ષો કચ્છમાં વિતાવ્યાં, પરિવાર પણ મોટો હતો. તેથી તે સમયમાં ખેડૂતો ગુજરાત તરફ આવવા લાગ્યા. શરૂઆતમાં ખેડા જિલ્લામાં કપડવંજ તાલુકાના વિષ્ણુપુરાલાટમાં જમીન વસાવી જમીનોમાં ઝાડ-બીડ કાઢી સમતળ કરી ખેડવા લાયક બનાવી, પરંતુ પાણીની સમસ્યા હતી. દૂરથી પાણી લાવવું પડતું, ત્યારે ગ્રામજનોએ સમૂહમાં કૂવો ખોદવાનું નક્કી કર્યું, પણ પાણી ના નીકળતાં નિરાશ થયા. થોડા દિવસો બાદ કેટલાક વડીલોએ નથ્થુરામબાપાને કહ્યું કે, ‘‘કૂવામાં પાણી કેમ આવતું નથી તો શું કરીશું ?’’ ત્યારે બાપાએ પ્રેમપૂર્વક જણાવ્યું કે કોઈ મને પૂછે તો હું જવાબ આપું. ત્યારે બાપાએ જણાવ્યું કે આપણા ઈષ્ટદેવ અને સદ્‌ગુરુને પ્રાર્થના કરો, ઘીનો દીવો કરો અને પ્રભુ સ્મરણ કરીએ. બે દિવસ બાદ એજ કૂવો થોડો ઊંડો ખોદવા બાપાએ જણાવ્યું અને સંતોષકારક પાણી પ્રાપ્ત થયું. આમ શ્રધ્ધાથી કોઈ પણ કાર્ય જરૂર સફળ થાય છે.

સમય જતાં ભક્તિના પ્રભાવથી ચારે તરફ સુવાસ ફેલાવા લાગી. જેના કારણે આજુબાજુ ગામના ભક્તો બાપાના દર્શને આવતા અને ધન્યતા અનુભવતા. એક વખત એવું બન્યું કે ગામમાં બદઈરાદાથી એક ભાઈના ખેતરમાં ઊભેલા કપાસના પાકને કાપી નાખ્યો અને તેનો આરોપ બાપા ઉપર નાખવામાં આવ્યો. પોલીસમાં ફરીયાદ પણ કરવામાં આવી. પોલીસ આવી, બાપાને શંકાની નજરે જોતાં તેમને ધમકાવવા લાગી. બાપા તો નિશ્ચિત હતા કે આ કામ આપણે નથી કર્યું તેથી પોલીસને કહ્યું કે આપણે સૌ ગ્રામજનો મંદિરના ચોકમાં ભેગા થઈએ અને કડાઈ લાવી તેલ નાખી ગરમ કરીએ તેમાં પહેલો હાથ હું નાખીશ પછી બીજા નાખે. આ વાત ઉપર બીજા કોઈ તૈયાર ના થયા ત્યારે બાપા ઉપર પોલીસને શંકા હતી તે ખોટી લાગી અને બાપાના પગમાં પડ્યા અને બાપાને અપશબ્દો બોલ્યા તેની માફી માગી. આમ આવા ખોટા આક્ષેપોનો પણ વિશ્વાસ અને શ્રધ્ધાપૂર્વક સામનો કર્યો.

બાપા કેટલાક વર્ષો સુધી વિષ્ણુપુરાલાટમાં ખેતીવાડી કરતા અને ભક્તિ ભાવપૂર્વક જીવન પસાર કરતા. જે કોઈ દુઃખીઆ આવતા તેમનાં સેવા કાર્યો કરતા રહ્યા. થોડાંક વર્ષો બાદ તેમના દીકરા સાબરકાંઠામાં વડાલી મુકામે ખેતી કરતા હતા. ત્યાં આવવાની બાપાની ઈચ્છા થઈ અને બાકીનું શેષજીવન અહીં પસાર કરતા. અહીં પણ પોતે એક અલાયદી રૂમ હતી તેમાં એકલા જ રહેતા અને પ્રભુમય જીવન પસાર કરતા. અહીં પણ જિજ્ઞાસુ ભાવિક ભક્તજનો દર્શનાર્થે આવતા. તેમના મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરી આપતા. આવું એક ઓલીયા પુરુષ જેવું જીવન હતું.

એ સમયમાં એવા જ એક સંતશ્રી રામજીબાપાનો સમાગમ થયો બંને બાપાઓ એક જ વિચારથી પરમાર્થનું કાર્ય કરવા લાગ્યા, નાના-મોટા સત્સંગ મેળાવડા હોય તો અચૂક હાજરી આપતા અને તેમની મૃદુવાણીમાં અને સરળ ભાષામાં બાપા આશીર્વાદ સ્વરૂપ વાત મૂક્તા. એ સમયમાં સાધનો ના હોવાથી પગે ચાલીને કે ક્યારેય બળદગાડાથી અન્ય ગામોમાં પરિભ્રમણ કરતા અને ભક્તોને રસપાન કરાવતા. ઘણા બધા હરિભક્તોને ‘ગુરુદીક્ષા’ પણ આપી. તેઓ સામેની વ્યક્તિની યોગ્યતાને જાણી શકતા અને તેનામાં રહેલા અવગુણોની મીઠી ટકોર કરીને તેમાંથી તેમને મુક્તિ મળે તેવું અનુસરવાનું કહેતા. તેમના મોઢે હંમેશાં મીઠીવાણી જ નીકળતી. સામે કોઈ પણ મળવા આવે તો આવો ‘‘બાપલીઆ’’ કહીને બોલાવતા. આવા હતા ઓલીયા પુરુષ સંતશ્રી નથ્થુરામબાપા.

પાછળના સમયમાં તેમને શારીરિક બીમારી થઈ, થોડા સમય સુધી તેઓ પથારીવશ રહ્યા. પરંતુ તેમના મુખ ઉપરનો ભાવ ક્યારેય પણ બદલાયેલ જોવા મળેલ ન હતો. પોતે કહેતા કે શરીરના દંડ શરીરને જ ભોગવવા પડે. આ રીતે દિવસો પસાર કરતાં કરતાં ભગવાનના ઘરનું તેડું આવ્યું. તેમના સ્વર્ગવાસના સમાચાર આકાશવાણી અમદાવાદ રેડિયો ઉપરથી પ્રસારિત કરવામાં આવેલ. સમગ્ર ભારતભરમાંથી શિષ્યબંધુઓ અને ધર્મપ્રેમી ભાઈઓ-બહેનો ખૂબ જ મોટી સંખ્યામાં બાપાના અંતિમદર્શને આવ્યાં. બાપાને મહાસુદ પૂનમને તા. ૮-૨-૮૨ની સવારમાં સમાધિ આપી. આ દિવસે સારાએ સમાજે દુઃખની લાગણી વ્યક્ત કરી અને શ્રધ્ધાંજલિ આપી.

આ સમાધિ જગ્યા ઉપર બાપાનું સમાધિ મંદિર ઊભું કરવામાં આવ્યું અને શિષ્યબંધુઓ તેમજ અન્ય દાતાઓ સમાધિ મંદિરને શોભાયમાન બનાવ્યું. કેટલાક લોકો પોતાની મનોકામના પૂર્ણ થયા બાદ માથું ટેકવવા આવે છે અને પોતાની ભાવના પૂર્ણ કરે છે. આમ બાપા પોતાનું સમગ્ર જીવન વિતાવી પરિવાર, સમાજ તથા શિષ્યબંધુઓને અલવિદા કરી ઈશ્વર તરફ પ્રયાણ કરેલ. બાપા અંગે ઘણુંબધું કહી શકાય તેવાં તેમને કાર્યો કરેલ છે પરંતુ અહીં સંક્ષિપ્તમાં વાતો મૂકવામાં આવી છે.

સંતશ્રી નથ્થુરામબાપાના બ્રહ્મલીન થયા બાદ બાપાના ઉત્તરાધિકારી તરીકે તેમના શિષ્ય ‘‘તુલસીબાપા’’ને બાપાએ આશીર્વાદ આપેલ. તે ગુરુગાદી પર તુલસીબાપાની નિમણૂક કરવામાં આવી. બાપા પણ ભક્તિમય સ્વભાવના અને સૌના પર એક જ ભાવ વરસાવતા રહ્યા અને તુલસીબાપા પણ ચાલીસ વર્ષ સુધી જવાબદારી નિભાવી તે પણ પરલોકવાસી બન્યા. આજે ‘‘ચંદુરામબાપા’’ ગુરુગાદી દીપાવે છે અને હરિભક્તોને સાચો રાહ બતાવી રહ્યા છે. આ સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવા અથાગ પ્રયત્નો કરી રહ્યા છે.

આ સંસ્થાનો પારદર્શક અને સુચારું વહીવટ થાય તે માટે "સંતશ્રી નથ્થુરામબાપા સેવા ટ્રસ્ટ" નામનું રજીસ્ટેશન ટ્રસ્ટ બનાવી, તેમાં યોગ્ય વહીવટકર્તાઓને જોડીને આ સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે. આ પરિસરમાં વડાલીકંપાના વડીલોના યોગદાનથી જમીન પ્રાપ્ત થઈ, તેમાં બાપાનું સ્મૃતિ મંદિર બનાવવામાં આવ્યું. બાજુમાં સત્સંગહોલ, ભોજનાલય, ઉતારાવ્યવસ્થા વગેરે અદ્યતન સગવડો ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જેમાં શિષ્યબંધુઓ તેમજ અન્ય દાતાઓનું ખૂબ મોટું દાન આપવામાં આવેલ છે. અહીં દર પૂનમે સત્સંગ, ભજન તથા મહાપ્રસાદનો કાર્યક્રમ રાખવામાં આવે છે. નથ્થુરામબાપાની પુણ્યતિથિ મહાસુદ પૂનમના દિવસે ધામધૂમપૂર્વક ઊજવવામાં આવે છે, તે સાથે સમૂહ લગ્નનું આયોજન પણ છેલ્લા પચ્ચીસ વર્ષથી કરવામાં આવે છે. આ દિવસે મોટી સંખ્યામાં હરિભક્તો, શિષ્યબંધુઓ આવે છે અને પ્રસંગને માણીને ધન્યતા અનુભવે છે.

આ પાવનધામમાં ધાર્મિક કાર્યક્રમો થતા રહે છે. શ્રાવણમાસમાં અગિયાર દિવસનું અનુષ્ઠાન, સત્સંગ, ભજન, વારિયજ્ઞ જેવા કાર્યક્રમો દર વર્ષે યોજાય છે. આ સંસ્થા દ્વારા આધ્યાત્મિક્તાનો ભાવ જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. વર્ષમાં બે-ત્રણ ધ્યાનયોગ શિબિરો તેમજ મોટીવેશન કાર્યક્રમો રાખવામાં આવે છે. યુવા તથા બાળકોને સંસ્કારો મળે તેવી શિબિરો પણ કરવામાં આવે છે. ડૉક્ટરો દ્વારા શારીરિક ચેકઅપ તથા ગંભીર રોગની રસી પણ આપવાના કાર્યક્રમો થતા રહે છે. સમગ્ર પાવનધામના વિકાસમાં સહુનો સાથ અને સહકાર મળતો રહ્યો છે. આ સંસ્થાનાં હજુ પણ ઘણાં બધાં સ્વપ્નો છે, તે જરૂર પૂર્ણ થશે. તેવી ભાવના સાથે જય ગુરૂદેવ.



સંતશ્રી નથ્થુરામબાપા સંત નિવાસ

સંતશ્રી નથ્થુરામબાપાના આશ્રમના ફોટા



સંતશ્રી નથ્થુરામબાપા સેવા સદન



સંતશ્રી નથ્થુરામબાપા સ્મૃતિ મંદિર



સંતશ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલય - ખેડબ્રહ્મા



રાજાભાઈ ખેતાભાઈ પટેલ
(આર.કે. પટેલ મેત્રાલકંપા, ખેડબ્રહ્મા)

પાટીદાર સુરાપુરા

કડવા પાટીદાર - ગોઠી (ગોટી) પરિવાર
ગામ : જસદણ, તા. જસદણ, જિ. રાજકોટ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



કડવા પાટીદાર - ગોઠી (ગોટી) પરિવાર,
ગામ : જસદણ તા. જસદણ જિ. રાજકોટ

ગોટી અને ગોઠી બંને અટક એક જ છે. એમ જાણવા મળે છે.

ગોટી પરિવારો શૂરાપુરાબાપા શ્રી બુટાબાપાના પાળીયાનું પૂજન અર્ચન કરે છે. શ્રી બુટાબાપા સુરેન્દ્રનગર જિલ્લાનાં લખતર ગામે રાજાશાહી વખતે સ્ટેટની ગાયોની વહારે ચડેલા. લુટારાઓ રાજની ગાયો લૂંટવા આવેલા ત્યારે બુટા બાપા રાજની ગાયોને બચાવવા હાથમાં હથિયાર લઈ ધીંગાણે ચડ્યા અને લુટારાની સામે શૌર્યતાથી લડ્યા. બાપા પુરા ઝનુનથી લડ્યા. આ ભયંકર લડાઈમાં બુટાબાપાએ ઘણા લુટારાઓને માર્યા, બુટાબાપાની મર્દાનગી અને હિંમત જોઈ બાકીનાં લુટારાઓ ભાગી ગયા. આમ શ્રી બુટાબાપા પણ શરીરે ઘવાયા ઘણા ઘાવ સહન કર્યા, લખતરની ભૂમિ આ જ લોહીથી રંગાણી. ધરમના ધીંગાણામાં ગૌમાતાને બચાવવા શ્રી બુટાબાપાએ ઘાવો ઝીલ્યા, લોહીની ધારાઓ વહેવા લાગી. શ્રી બુટા બાપાએ ગાયોને બચાવી અને ગૌમાતાને પગે લાગી વીરગતિ પામ્યા.

પીળા પિતાંબર કે જરકશી જામા, મારે વાઘામાં નથી વિંટળાવું
કાઢ્યાતા રંગ જેણે ઝાઝા ધીંગાણે, એવા સિંદુરે ચોપડાઈ જાવું
રે ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું
રે ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું
શૂરા શહીદોની સંગાથમાં મારે, ખાંભી થઈને ખોડાવું
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું
ટીંબે ટીંબા ઝાંખા થયા, અને ઝાંખી થઈ વનરાઈ.
વનનો મોરલો ઉડી ગયો, આ લખતર લાગે વેરાન.

શ્રી બુટાબાપાએ ગાયો બચાવવા પોતાનું બલિદાન આપી ઝાલાવાડની ધરતીને, અને લખતર ગામને ઊજળું કર્યું અને ગોટી પરિવારમાં શૌર્યવંતુ નામ લખાવ્યું. આમ બુટાબાપા વૈકુંઠની વાટે હાલી નીકળ્યા.

એક ગૌરવની વાત તો એવી રહી કે બુટાબાપાએ રાજની ગાયો બચાવી માટે લખતરના રાજવી પરિવારોએ બુટાબાપાની ખાંભી બેસાડેલ.

આવા સતના રખોયા, ગાયોનાં રખોયા બુટાબાપા એ કર્યા. આ દિવસે ‘‘ધરતી રે ધ્રુજી અને આકાશ થયું ઘનઘોર’’ ગૌ રક્ષક બુટાબાપાને હજારો હજારો વંદન.

નોંધ : કડવા પાટીદારના બુટાબાપાની ખાંભી લખતરનાં રજવાડાએ બેસાડી તે પણ કડવા સમસ્ત પાટીદારો માટે ગૌરવ છે.

‘‘જનની જણ તો ભક્ત જણ કાં દાતા ને કાં શૂર
નહીંતો રહેજે વાંઝણી તું મત ગુમાવીશ નૂર’’

હાલ બુટાબાપાનો પાળીયો ગોટી પરિવારો એ લખતર ગામેથી ફેરવી જસદણ ગામે બિરાજાવેલ છે. બાપાનું દેવમંદિર જગદીશભાઈ ગોટીના ખેતરે બનાવેલ છે. સાથે સાથે ગોત્રીજ માતાજી બહુચરાજીનો મઢ બનાવેલ છે. આમ બે મંદિરો બનાવેલ છે. દર વર્ષે ચૈત્ર મહિનાની અજવાળી ચૌદશે હવન કરવામાં આવે છે. સૌ પરિવારો પગે લાગી પ્રસાદી ગ્રહણ કરી શૂરાપુરા બાપાને અને માતાજીને નૈવેદ્ય ધરે છે.

ઝાલાવાડ પંથકનાં જસાપર, બાઈસાબગઢ, બાવળી, ભરાડા, સુલતાનપુર ભેરડા ગામે વસેલા પરિવારો ગોત્રીજ માતાજી, શક્તિ માતાજી તથા મેલડી માતાજીનું પૂજન કરે છે. માતાજીનું નૈવેદ આઠમા નોરતે મગ, લાપસી, ચોખાનાં ધરાવાય છે. માતાજીનો મઢ જસાપર ગામને ઝાંપે આવેલ છે. વરઘોડીયાની છેડાછેડી પણ અહીં છોડવામાં આવે છે. ભાવનગરમાં વસતા ગોટી પરિવારો કરનાં દેવી બહુચરાજીનું પૂજન કરે છે. માતાજીનું મંદિર ભાવનગર બાર્ટન લાયબ્રેરી પાસે આવેલું છે. માતાજીનાં નૈવેદ ખીર, બે પડવાળી રોટલીનાં ધરાવાય છે. બાળકનો કર ઉતારવા પરિવારો બહુચરાજી (શંખલપુર) ગામે જાય છે. માતાજીને ખીર, રોટલી, મીઠાઈ ધરાવાય છે.

‘‘ગૌ રખેવાળ બુટાબાપાની જય હો’’

પાટીદાર સુરાપુરા

"કડવા પાટીદાર ગોઝારીયા પરિવાર"

ગામ : કમીગઢ તા. અમરેલી જિ. અમરેલી

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

ગામ : કમીગઢ તા. અમરેલી જિ. અમરેલી



કડવા પાટીદાર ગોઝારીયા પરિવાર

ગામ : કમીગઢ તા. અમરેલી જી. અમરેલી

ઊંઝામાં રહેલા કડવા પાટીદારો કાળક્રમે ઊંઝા છોડીને સિધ્ધપુર પાસે લાલપુર ગામે વસ્યા, ત્યાંથી પરિવારો ઊંઝા પાસે ગોઝારીયા ગામે સંવત ૧૧૨૨માં વસેલા ત્યારબાદ પરિવારો સં. ૧૮૧૩માં ગઢડા (સ્વામી) ગામે વસેલા. આ ગઢડા ગામે વસેલા પરિવારો ગોઝારીયા અટકથી ઓળખાયા. આ પરિવારો સંવત ૧૮૬૭માં અમરેલી પાસેના મંગવાપાળ પાસે વસ્યા. ત્યારબાદ કમીગઢ ગામ જે અમરેલી પાસે આવેલુ ગામ ત્યાં વસવાટ કર્યો. ઊંઝામાં મૂળ અટક પારેખ હતી.

ગોઝારીયા પરિવારમાં શ્રી લક્ષ્મણબાપા તથા શ્રીરામ બાપા પૂજાય છે. શુરાપુરાના પૂજનો સૌરાષ્ટ્ર અને કચ્છમાં આજે પણ થાય છે. શ્રી લક્ષ્મણબાપા શુરાપુરાથી પૂજાય છે. કમીગઢ ગામે કડવા પાટીદારો ગોઝારીયા પરિવારે સાડાત્રણ વિઘા જેટલી જમીન લઈ વિશાળ દેવભુવન બનાવેલ છે.

લક્ષ્મણબાપા ખૂબ જ બળવાન અને હિંમતવાન હતા. વર્ષો પહેલા લગ્નની જાનો ગાડા જોડીને પરણવા જતી. આવી જાનોના રખોપા કરવાની જવાબદારી હિંમતવાન અને બળવાન વ્યક્તિને સોપવામાં આવતી. આમ અનેક જાનનાં રખોપામાં રખેવાળી માટે લક્ષ્મણ બાપા ગયેલા. આમ જવાબદાર માણસ હથિયારો સાથે જાનની આગળ રહેતા. જાન પરણવા જતી હતી ત્યારે શ્રી લક્ષ્મણ બાપા જાનની સાથે ગયેલા. જાન પરણવા જાય છે ત્યારે ગાડા રસ્તા (કાચા રસ્તે) જતી હતી, ત્યારે જાન રાંઢીયા ગામેથી પસાર થયેલ અને થોડે દૂર જાન ગઈ તે સ્થળ રાંઢીયાની ધાર ગામે વિસ્તારે પહોંચેલી ત્યારે લૂટારાઓ જાન લૂટવા આવ્યા. આ વખતે શ્રી લક્ષ્મણ બાપાએ પડકારો મારીને કહ્યું કે હું જીવીશ ત્યાં સુધી જાનને લૂટાવા નહી દઉ. લૂટારાઓએ જાન ઉપર હુમલો કર્યો ત્યારે લક્ષ્મણ બાપાએ હાથમાં હથિયાર લઈ લૂંટારાઓ ઉપર તૂટી પડ્યા ધીંગાણે ચડ્યા, અને જાનૈયા પણ હિંમતમાં આવી ગયા. લૂંટારાઓ વચ્ચે જબરૂ ધીંગાણુ થયું. હાહાકાર મચી ગયો. ધુળની ડમરીઓ ઉડવા લાગી. લક્ષ્મણબાપા જરાય હિંમત હાર્યા વિના ધિંગાણે ચડ્યા. જાનને લૂંટાતી બચાવવા બાપા મર્દાનગીથી લડ્યા અને અનેક લૂંટારાઓને માર્યા અને અનેકને ઘાયલ કર્યા. લક્ષ્મણ બાપાની શુરવીરતા જોઈ બીજા લૂંટારાઓ ભાગ્યા. આમ લક્ષ્મણબાપા પણ ઘવાયા, આખા શરીરે ઘણા ઘાવ પડ્યા. લોહીની ધારાઓ વહેવા લાગી. બાપાનું માથુ પડેલ અને ધડ પડેલ. આમ બાપાએ પોતાના પ્રાણ આપી જાન લૂંટાતી બચાવી. બાપા વિરગતિ પામ્યા.

"ધરમધીંગાણે માથા મુકે ઈ રૈયતના રખેવાળ
શીર પડેને ધડ લડે એના વધામણા વૈકુંઠ જાય"
"ધરતી ગાજે કાયર ભાગે હાંકે દેતા હોકારા
જનની નાં જાયા કવિએ ગાયા લોક વિરલા કોક જડે
મેદાને મરવા અવસર વરવા મરદ કસુંબલ રંગ ચડે
જીય મરદ કસુંબલ રંગ ચડે"
"ધરતી પગથી ધ્રુજતી અને ધ્રુજતા મોટા દીગપાળ
હાકલ મારીને ધીંગાણે ચડ્યા, તગેડ્યા દુશ્મન તમામ "
"તલવાર લઈને ત્રાટકીયા અને જબરો ખેલ્યો જંગ
અનેક શત્રુનાં અંગ તમે વાઢ્યા વિર લક્ષ્મણ બાપા"

જાન બચાવી લક્ષ્મણબાપા વિરગતિ પામી બાપાએ કાઠિયાવાડ પંથકને કમીગઢ ગામને અને ગોઝારીયા પરિવારને ઊજળું કર્યું.

ધન્ય હો લક્ષ્મણબાપા, તમને વંદન વારંવાર.

નોંધ : કમીગઢ ગામે કડવા પાટીદાર ગોઝારીયા પરિવારો શ્રી રામબાપાનું પૂજન કરે છે. પરિવારો પાસેથી જાણવા મુજબ શ્રી રામબાપા ખેતરે શેરડીનો ચિચોડા ચલાવતા હતા ત્યારે ચિચોડામાં પીલાઈ જતા અવસાન પામેલ એમ પરિવારો પાસેથી જાણવા મળે છે.



દેવરાજભાઈ કરડાણી

વિભાગ : ૪ પાટીદાર સમાજના રત્નો

ડો. રણજીત પટેલ ‘અનામી’ : બહુ આયામી અને નામી સારસ્વત પાટીદારરત્ન

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



ડો. રણજીત પટેલ

ઉત્તર ગુજરાતના કડવા પાટીદારના તેજસ્વી સપૂતોની યાદીમાં ગૌરવપૂર્વક નામ લઈ શકાય તેવા ડૉ. રણજીતરામ મોહનભાઈ પટેલ એક સિદ્ધહસ્ત સાહિત્યકાર, સતત કાર્યશીલ, કર્મયોગી, નિષ્ઠાવાન અધ્યાપક, વહિવટદક્ષ અધિકારી, સજ્જનતાથી ભરેલા, બહુ આયામી વ્યક્તિત્વ ધરાવતા મળવા જેવા માણસ તરીકે લોકોના હૈયામાં સ્થાન ધરાવે છે. તેઓ સાહિત્યકારો અને સાહિત્યરસિકોમાં 'અનામી' તરીકે વધુ સુવિખ્યાત રહ્યા છે. મૂળ નામ પ્રમાણે ‘રણછોડ’ હતું પરિસ્થિતિ સામે અડગ મનથી આગળ વધવાનું હોવાથી ‘રણ’ જાણવીને 'રણજીત' રાખ્યું અને નામનો મોહ રાખ્યો નહીં એટલે 'અનામી' ઉપનામ રાખવાનો મનસૂબો હશે. તેમનો જન્મ તા. ૨૬-૬-૧૯૧૬ના રોજ હાલના ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામે થયો હતો. ખેતરના ખોળે અને ધરતીમાંથી ધાન-ધન પેદા કરતા માતા-પિતા તરફથી ધાર્મિક સંસ્કારો અને કર્મયોગનો વારસો મળ્યો હતો. તેઓ પરિવારમાં સૌથી નાના એટલે લાડકોડથી ઉછેર થયો અને ધરતીપુત્ર હોવાથી ભણીને ભવરણમાં આરપાર ઊતરી શકાય એવો બાળ રણજીત સામે એક અને અનન્ય વિકલ્પ હતો.

તેમણે પ્રાથમિક શિક્ષણ ડભોડાની ધૂળિયા શાળામાં લીધું હતું. માધ્યમિક શિક્ષણ માટે કડીની સુપ્રસિદ્ધ સર્વવિદ્યાલયમાં જોડાયા અને ત્યાં પોતાની પ્રતિભાનો પમરાટ પાથરવો શરૂ કર્યો. મેટ્રિકની પરીક્ષા આણંદની પ્રતિષ્ઠિત એ.વી.ડી.એન. હાઈસ્કૂલમાંથી પાસ કરી. વિદ્યાર્થી તરીકે તેઓ વિદ્યાપ્રિય, તેજસ્વી અને શિક્ષકોના માનપાત્ર બન્યા હતા. એક વર્ષ એ જ વિદ્યાલયમાં શિક્ષક તરીકે સેવા આપી. ત્યાંથી કલકત્તામાં એક ઝવેરીની પેઢીમાં નોકરી કરી પણ ગુલામી ન ગમી. નોકરી છોડી અને સારસ્વત બનવા તરફ કદમ ભર્યા.

તેઓએ મેટ્રિક પાસ કર્યા પછી એક વર્ષ સર્વવિદ્યાલય-કડીમાં શિક્ષક તરીકે સેવા આપી હતી. જિંદગીને બનાવવા માટે ત્રણ વર્ષ રઝળપાટ કરી. આર્થિક ઉપાર્જન તરફ વળેલા રણજિતરામની અભ્યાસની ક્ષુધા સંતોષાઈ નહીં માત્ર શિક્ષણકાર્ય અને લેખનકાર્ય તરફ વધુ લગાવ હોવાથી ઈ.સ. ૧૯૩૮માં ઉચ્ચ અભ્યાસ માટે ગુજરાત કૉલેજ-અમદાવાદમાં પ્રવેશ મેળવીને ગુજરાતી અને સંસ્કૃત સાથે પ્રથમ વર્ગ મેળવીને સ્નાતક થયા અને પોતાની પ્રતિભા ઉજાગર કરી. 'ગુજરાત સમાચાર' અને સાપ્તાહિક 'પ્રજાબંધુ'માં પણ થોડો સમય કામ કર્યું ત્યાં કલમને કસાવાનો અવકાશ મળ્યો. શિક્ષણ અને શબ્દથી અનેક રીતે ઊડાન લઈ શકાતી હોવાથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાંથી અનુસ્નાતકની ડિગ્રી મેળવી. આ સમય ગાળામાં આઝાદીની ચળવળ ચાલતી હતી. મહાત્મા ગાંધીજીની પ્રેરણા તળે થયેલ આંદોલનમાં ભાગ લીધો અને જેલવાસ પણ કર્યો હતો. તેમણે ગુજરાતી અને અંગ્રેજી સ્પેશ્યલ મેથડ સાથે બી.ટી.ની ડિગ્રી મેળવીને ભણતરની અભિલાષા પૂર્ણ કરી. ત્યારબાદ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાંથી એમ.એ. થયા. એલ. એલ. બી. ની ડિગ્રી મેળવીને તેઓ કાયદાના નિષ્ણાત બન્યા. અધ્યયન-અધ્યાપન અને સાહિત્યસર્જનમાં રસ હોવાથી વકીલાત કરવાનો વખત મળ્યો નહીં.

તેઓ નડિયાદની સી.બી. પટેલ આર્ટ્સ કૉલેજમાં ગુજરાતી વિભાગના અધ્યાપક અને અધ્યક્ષ તરીકે જોડાયા. ત્યાં જ વિદ્યાર્થીઓનું ઘડતર કરીને વિદ્યાર્થીઓનો પ્રેમાદર મેળવ્યો. વહીવટદક્ષ હોવાથી કોલેજના વાઈસ પ્રિન્સિપાલ તરીકે સેવા આપી હતી. ઊડવાનો અવકાશ મળતાં જ તેમની કલમની ફોરમ ચોમેર ફેલાતી ગઈ. ડૉ. અનામી સાહેબ સૌથી વિશેષ તો એક સજ્જન વિદ્યા પુરુષ તરીકે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. વિદ્યાર્થીઓને સૌજન્યપૂર્વક માર્ગદર્શન આપીને સંતોષ્યા અને વિવેકપૂર્વક

સમસ્યાઓનું સમાધાન કરતા હતા. તેમની સહાનુભૂતિ વિશાળ વ્યાપને સમાવી શકે તેવી અજાયબ હતી.

શ્રી ભોગીલાલ સાંડેસરા જેવા સમરથ સાક્ષરના માર્ગદર્શન તળે 'સિંહાસનબત્રીસી' પર તુલનાત્મક, ઐતિહાસિક અને વિવેચનાત્મક અધ્યયન કરીને મહાનિબંધ લખી વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીની પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી અને ઈ.સ. ૧૯૫૮માં તે જ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં 'રીડર' તરીકે નિયુક્તિ પામ્યા. આ વિભાગના અધ્યક્ષ તરીકે ડૉ. ભોગીલાલ સાંડેસરા હતા પણ તેઓ આ સાથે જ વિદ્યામંદિરના નિયામકપદે હોઈને ગુજરાતી વિભાગના સંચાલનની જવાબદારી તેમના શીરે આવી અને એ કાર્ય તેમણે સ્વસ્થતા અને સુચારુ ઢબે કર્તવ્ય નિભાવ્યું. વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સાથે વાત્સલ્યપૂર્ણ વડીલ તરીકે રહ્યા. વહીવટમાં પારદર્શક અને માનવતાથી રહ્યા. યશ, પ્રતિષ્ઠા કે વાદવિવાદ વગેરેથી પર રહીને સદાય ઉપકારક રહ્યા. શ્રી ભોગીલાલ સાંડેસરા, શ્રી સુરેશ જોશી, અનંતરાય રાવળ, શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવા દિગ્ગજો અને સમરથ વિદ્વાનોની પ્રશંસા પામ્યા હતા.

તેઓએ ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલી યુનિવર્સિટીઓમાં પરીક્ષક તરીકે સેવા આપી હતી. શિક્ષણ અને પ્રકાશન-વિષયક સમિતિઓ જેવી કે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી તરફથી પાઠયપુસ્તક અને અભ્યાસક્રમ-સમિતિ તથા સયાજીરાવ ગ્રંથમાળા પ્રકાશ-સમિતિના સભ્ય તરીકે પણ તેમની સેવા પ્રશસ્ય રહી છે. તેમને અનેકવિધ પ્રવૃત્તિઓમાં રસ હતો. નિવૃત્તિકાળમાં સત્ત્વશીલ પ્રવૃત્તિઓ કરીને આજીવન ભવરણમાં કર્મયોગી તરીકે રહ્યા. સ્વભાવે નિખાલસ અને સ્પષ્ટવક્તા હોવાથી આદરપાત્ર રહ્યા હતા. વડોદરામાં ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં બે દશકા દરમ્યાન પુષ્કળ સાહિત્ય સર્જન કર્યું હતું. ઈ.સ. ૧૯૫૫માં ગુજરાતી સાહિત્ય પરિષદનું સંમેલન નડિયાદમાં મળ્યું ત્યારે પોતાની સૂઝસમજ અને સુચારુ સંબંધોનો પરિચય કરાવ્યો અને નડિયાદમાં ગોવર્ધનરામની શતાબ્દી ઊજવાઈ ત્યારે એ અંગેની મુખ્ય કામગીરી તેમણે બજાવીને યશસ્વી બન્યા હતા.

તેઓએ વર્ષો સુધી પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે રહીને અનેક વિદ્યાર્થીઓનું ઘડતર અને ચણતર કર્યું હતું. અધ્યયન, અધ્યાપન ક્ષેત્રે જવલંત તેજસ્વી કારકિર્દી ધરાવનાર અનામીસાહેબ સાહિત્યકાર તરીકે કવિ, નવલિકાકાર, વિવેચક, સંપાદક, અનુવાદક, નિબંધ-લેખક અને જીવનચરિત્રકાર તરીકે સેવા આપીને ગુજરાતી સાહિત્યને તેમ રીતે સમૃદ્ધ કર્યું અને અનુગાંધીયુગના સમૃદ્ધ સર્જક તરીકે પ્રતિષ્ઠિત થયા.

કવિ તરીકે તેમના ડઝનેક કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા છે. સુરતમાં વસવાટ દરમ્યાન 'રણજિતરત્નાવલી' નું પ્રથમ પ્રકાશન કરેલ. તેઓ ગુજરાત કૉલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા હતા ત્યારે ઈ.સ. ૧૯૩૮માં પ્રથમ કાવ્યસંગ્રહ 'કાવ્યસંહિતા' પ્રગટ કર્યો ત્યારથી સાહિત્યસર્જનયાત્રા અખંડ ચાલતી રહી. એમની કવિતાધારામાં 'કાવ્યસંહિતા' (૧૯૩૮), 'ચક્રવાક' (૧૯૪૬), 'સ્નેહશતક' (૧૯૫૦), 'પરિમલ' (૧૯૬૫), 'રટણા' (૧૯૮૩) અને 'શિવમ્' (૧૯૯૯) નોંધનીય રહ્યા છે. તેમની કવિતામાં વ્યક્તિનિષ્ઠ પ્રણય, પ્રકૃતિસૌંદર્ય, ઈશ્વરભાવ ઉપરાંત કૌટુંબિક સંબંધો વગેરે કવનવિષયો રહ્યા છે. આ કવિ ગ્રામસંસ્કૃતિ, જીવનની સાદગી અને ભાવનાશીલતાનો ધબકાર ઝીલાયો છે. 'ત્રિવેણી' (૧૯૫૭), 'અનામી-ભક્તિસુધા' (૧૯૯૦), 'આપણી વાત' (૧૯૯૦), 'અજીત-નાટિકા' (અપ્રગટ), 'કવિવર ટાગોરનું જીવન-કવન' (૧૯૬૫), 'ગુજરાતણોની શરીરસંપત્તિ' (૧૯૪૫), 'આપણું રાષ્ટ્રગીત' (૧૯૬૫) અને નવલિકાસંગ્રહ 'ભણેલી ભીખ અને બીજી વાતો' (૧૯૫૭)માં આકાશવાણીના મજૂરવર્ગ માટેના કાર્યક્રમોમાં રજૂ થયેલી સત્યઘટના પર આધારિત ૨૧ વાર્તાઓ પ્રકાશિત થયેલ છે. આ ઉપરાંત 'સંતસૌરભ' (૧૯૭૫), 'ત્રણ વૈશાખી પૂર્ણિમા' (ત્રિઅંકી નાટક) (૧૯૯૧) તથા 'શામળ' (૧૯૬૧, સંપાદન), 'સિંહાસનબત્રીસી' (૧૯૭૦, સંપાદન) અને 'અર્વાચીન ગુજરાતી સાહિત્યસ્વરૂપોનો વિકાસ' (૧૯૫૮) જેવાં અન્ય ઉલ્લેખનીય ગ્રંથો તેમની પાસેથી મળ્યાં છે. ગદ્યસર્જનમાં 'ભણેલી ભીખ' અને 'ત્રિવેલી' વગેરેમાં માનવસ્વભાવ અને જીવનમાં વિવિધ પાસાં અને વિવિધ સ્તરના લોકોના જીવન અને માનસનું મનભર નિરીક્ષણ અને નિરૂપણ તેમના વતનના લોકોની તળપદી ભાષામાં રજૂ કરે છે. વિવિધ પાત્રોના વિવિધ મનોભાવો-એમનાં હૈયાને ઉજાગર કરીને ભાવકનું ધ્યાન ખેંચ્યું હતું. 'ગુજરાતી ભાષાના જાણીતા કવિ, ગદ્યકાર વિવેચક તરીકે ગુજરાતી સાહિત્યમાં પ્રેમ, પ્રકૃતિ અને ભક્તિવિષયક કાવ્યો તેમજ ગીતોમાં તેઓનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. તેમની સરળ ગેય રચનાઓ અને સ્નેહભાવના સભર કાવ્યો માટે ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેઓ ગુજરાતી ભાષાના શિષ્ટ કવિ અને વિવેચક તરીકે સુપ્રસિદ્ધ રહ્યા છે. તેમની એક કવિતા માણીએ :

આપણી વ્યથાની વાત કોઈને ન કહેવી,
હૈયામાં હામ ભરી આપદા સૌ સહેવી...
આપણી વ્યથાની વાત...
આપણી વ્યથા એ તો આપણી વ્યથા છે,
આપણી કથા એ તો સૌની કથા છે,
આપણા પરાયાના, ભેદ સહુ ભાંગી,
ગમ કેરી ગઠડીને, નીજ શીરે વહેવી...
આપણી વ્યથાની વાત...

વિવેચક તરીકે તેમણે ગુજરાતી સાહિત્ય, સાહિત્યકારો અને તેના સામાન્ય પ્રશ્નો-સિદ્ધાંતો વિશે ગુજરાતીનાં વિવિધ માસિકો-સામયિકોમાં લેખો લખ્યા અને ઘણી કૃતિઓનાં અવલોકનો પણ કર્યાં છે. એમણે કૃતિઓનાં વિવેચનમાં રસ લીધો અને ઊગતી કલમને પોંખી હતી. તેમણે મલયચંદ્રની "સિંહાસન બત્રીસી"ની જુદી જુદી હસ્તપ્રતોને આધારે સંશોધિત વાચના તૈયાર કરી અને 'સિંહાસન બત્રીસીનાં વાર્તાચક્ર'નું તુલનાત્મક અધ્યયન એ તેમની મહત્વની વિદ્યાસેવા છે. આ મહાનિબંધમાં શબ્દકોશ, અન્ય વાર્તાકારોનો પરિચય અને સમગ્ર સાંસ્કૃતિક સંદર્ભ આપ્યો છે. મધ્યકાલીન સાહિત્યનો આ એક મહત્વનો શોધ પ્રબંધ છે. વડોદરા યુનિ.ની 'પ્રાચીન ગુર્જર ગ્રંથમાળા'માં એ પ્રકાશિત થયો હતો. સંપાદન ક્ષેત્રે 'શામળ'માં સંપાદન ઉપરાંત અગ્ર લેખમાં કવિ પરિચય અને તેની કવિતાનું ઉચિત મૂલ્યાંકન કર્યું છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરની શતાબ્દી નિમિત્તે તેમણે 'કવિવર ટાગોરનું જીવન અને કવન' નામક સુંદર જીવનચરિત્ર લખ્યું છે. તેમાં વિષય વિશે સંક્ષેપમાં ઘણી માર્મિક રીતે માહિતી પૂરી પાડી અને કવિવરના વિચારોનું મૂલ્યાંકન પણ કરેલું છે.

તેમણે નિબંધસ્પર્ધાઓમાં રસપૂર્વક ભાગ લઈને 'સહશિક્ષણ', 'દાંતની સંભાળ' અને 'ગુજરાતતણોની શરીરસંપત્તિ' એ ત્રણ નિબંધોને ઈનામો મળ્યાં હતાં. હરીફાઈમાં વિજેતા બનીને ઇનામો અને ચંદ્રકો મેળવ્યા હતા. તેમણે ગુજરાતનાં લબ્ધપ્રતિષ્ઠિત સામયિકોમાં લેખો આદિ પણ પ્રગટ થયા છે. 'અનામી ગીતલક્ષી કેસેટ પણ હીટ હતી. તેઓ એક પ્રભાવશાળી અને અભ્યાસી વક્તા હતા તેમની વેગીલી, સરળ અને સારગર્ભ વિચારો શ્રોતાજનો ઉપર ખૂબ પ્રભાવ પાથર્યો હતો. જુદી જુદી કૉલેજો અને જાહેર સંસ્થાઓમાં અનેક વ્યાખ્યાનો આપ્યાં છે.

'કડવા પાટીદાર પરિવાર'માં તેમની આત્મકથા, કવિતા અને લેખો સતત પ્રકાશિત થયેલા. તેઓ પાટીદાર જ્ઞાતિના સમરથ સારસ્વત તરીકે સુવિખ્યાત થયા છે. નિવૃત્ત થયા પછી પણ સાક્ષરજીવન જીવી રહ્યા હતા. તેમની દિશા સમાજ અને અધ્યાત્મ તરફ વિશેષ રહી હતી. એક ઉદાત્ત માનવ, જીવનલક્ષી સાહિત્યકાર અને સારસ્વત તરીકે તેઓ આજે પણ શ્રદ્ધેય અને આદરણીય રહ્યા છે. છેલ્લા શ્વાસ સુધી સાહિત્ય અને સમાજસેવાની ધૂણી ધખાવનાર શ્રી રણજીતરામે તા. ૨૫-૦૫-૨૦૦૯ના રોજ ક્ષરદેહે વિદાય લીધી. તેઓ સેવાભાવના અને અક્ષરદેહથી અમર રહ્યા છે. સત્ત્વશીલ પ્રવૃત્તિઓ કરીને આજીવન ભવરણમાં કર્મયોગી રહ્યા. સ્વભાવે નિખાલસ અને સ્પષ્ટવક્તા હોવાથી આદરપાત્ર પણ રહ્યા હતા.

ડો. અનામીસાહેબે વીસેક વર્ષ વડોદરા યુનિવર્સિટીમાં સેવાઓ આપીને ૧૯૭૭માં નિવૃત્ત થયા ત્યારે તેમના વિદ્યાર્થીઓ, મિત્રો અને શુભેચ્છકોએ તેમનું જાહેર સન્માન કરેલું. એમાં અદકેરું ઉમેરીને ભેગું થયેલું ફંડ વિદ્યા અને શિક્ષણ માટે તે યુનિવર્સિટીને પરત કરી વિદ્યાહીત માટે થેલી અર્પણ કરી હતી. દીર્ઘ શૈક્ષણિક કારકિર્દીમાં તેમણે અનેક વિદ્યાર્થીઓને ઘડ્યા, અનેકોને વાત્સલ્ય આપ્યું હતું. તેઓ એક સફળ અધ્યાપક હતા એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. એમનો મુખ્ય રસ ધબકતો જીવનરસ હતો. સાહિત્ય અને અધ્યાત્મની પાંખેથી તેમણે વિહાર કર્યો છે. તેમણે 'કડવા પાટીદાર પરિવાર'ને સમૃદ્ધ કરવામાં ઉચિત યોગદાન આપ્યું હતું. તેઓ માણસોથી ઘેરાયેલા રહે એવું કમનીય અને નિરાળું વ્યક્તિત્વ ધરાવતા હતા.

સામાજિક સન્માન રૂપે તેઓને 'પાટીદાર-રત્ન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. 'સ્વ. કમળાશંકર પંડયા' એવોર્ડ ઉપરાંત સ્પર્ધાઓમાં ઈનામો અને બે ચંદ્રકો તેમણે મેળવેલા છે. તેઓ કડવા પાટીદાર જ્ઞાતિના યશસ્વી સારસ્વત તરીકે, ઉચ્ચ સાક્ષરજીવન જીવ્યા અને આજીવન પ્રજ્ઞા-પ્રતિભાનો પ્રભાવ પાથરતા રહ્યા હતા. તેઓ એક ઉમદા માણસ તરીકે, જીવનલક્ષી સાહિત્યકાર તરીકે, વિદ્યાર્થીપ્રિય અધ્યાપક તરીકે અને સારસ્વત તરીકે આજે પણ શ્રદ્ધેય અને આદરણીય રહ્યા છે. તેઓ એક સજ્જન માણસ તરીકે, મીઠા બોલા માનવી તરીકે, વિદ્યાર્થીઓને સૌજન્યપૂર્ણ મૂંઝવણમાં માર્ગ બતાનાર માર્ગદર્શક તરીકે, વિવેકી અને પ્રેમાળ વ્યક્તિ તરીકે વિશાળ ચાહતવર્ગ ઊભો કર્યો હતો. નિર્દંભ, સરળ અને સજ્જન માણસ તરીકે, પારદર્શક પથદર્શક તરીકે, ખમીરવંતા સ્પષ્ટવક્તા તરીકે, નિઃસ્પૃહી, કાર્યકુશળ તરીકે લોક પર અમીટ પ્રભાવ પાથરીને રહ્યા-વહ્યા હતા. ખરેખર તેઓ કડવા પાટીદાર સમાજના અમૂલ્ય રત્ન હતા.



- ડૉ. ભાવેશ જેતપરિયા

વિભાગ : ૫ આરોગ્ય : પહેલું સુખ તે જાતે નર્યા

સાયટીકા

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

આજે આપણે એક ખૂબ સામાન્ય રીતે જોવા મળતા એક રોગ સાયેટિકા વિષે જોઈશું.

આ રોગ વિષેની વિગતોમાં જતાં પહેલાં આપણે સાયેટિક નર્વ શું છે એ સમજવું જોઈએ.

સાયેટિક નર્વની રચના અને કાર્ય : આપણા કરોડસ્થંભમાં મણકાઓ આવેલા હોય છે. આ મણકાઓની હારમાળાને જ કરોડસ્તંભ કહેવાય છે અને આ મણકાઓની વચ્ચે વચ્ચે ગાદીઓ આવેલી હોય છે. જે કરોડસ્તંભ જ્યારે વળે ત્યારે તેનાં કુશન તરીકે કાર્ય કરે છે. કરોડસ્તંભની અંદર કરોડરજ્જુ આવેલી છે. રજ્જુ એટલે દોરડું. આ કરોડરજ્જુ મગજમાંથી ઉદ્‌ભવેલા નર્વઝ (ચેતાતંતુઓ)નું દોરડું છે જે ખોપરીમાંથી બહાર નીકળીને કરોડસ્તંભની અંદર ઉતરે છે અને જ્યાં કરોડસ્તંભ પૂરો થાય છે ત્યાં સુધી જાય છે. આ નર્વઝનું કાર્ય શરીરનાં અંગોમાંથી સંવેદનાના સંદેશા મગજ સુધી પહોંચાડવાનું અને મગજ જે આજ્ઞા આપે તેને શરીરનાં અંગો સુધી પહોંચાડવાનું છે. એ યાદ રાખીએ કે અંગોમાંથી મગજમાં સંદેશા લઈ જનાર નર્વઝને સેન્સરી નર્વઝ અને મગજમાંથી સંદેશા અંગોને પહોંચાડનાર નર્વઝને મોટર નર્વઝ કહેવાય છે.

હવે આપણે આવીએ આપણા સાયેટિક નર્વ ઉપર. આ નર્વ શરીરનો સૌથી લાંબો નર્વ છે અને સૌથી જાડો નર્વ છે, લગભગ આપણા અંગૂઠા જેટલો જાડો. સાયેટિક નર્વનાં કુલ પાંચ મૂળ હોય છે જે કમરના નીચેના મણકાઓમાંથી એક દોરડું બનીને સાયેટિક નર્વ તરીકે નીકળે છે અને નિતંબ અને જાંઘના પાછલા ભાગમાંથી નીચે તરફ જાય છે. ગોઠણથી નીચે જતી વખતે એના મુખ્ય બે અને એમાંથી કેટલાક પેટા વિભાગો પડી જાય છે જે પગના નીચેના ભાગ અને પગની આંગળીઓ સુધી જાય છે. આ સાયેટિક નર્વનાં દોરડાંમાં સેન્સરી અને મોટર એમ બન્ને પ્રકારના નર્વઝ હોય છે. બન્ને પગમાં એક-એક સાયેટિક નર્વ જાય છે.

આટલું સમજ્યા પછી આપણે સાયેટિકા થવાનાં કારણો અને અને એ કેવી રીતે થાય છે તે જોઈએ.

સાયેટિકા થવાનાં કારણો :

- સ્થૂળતા
- શરીરનું અયોગ્ય પોશ્ચર
- કમરમાંથી અચાનક અને ઝાટકા સાથે વળવું
- નીચા વળીને ભારે વજન ઉપાડવું
- કરોડમાં પહોંચેલી ઈજા
- ઉંમર સહજ ઘસારો
- કોઈ ગાંઠ
- લોહીનો ગઠ્ઠો

સાયેટિકા કેવી રીતે થાય છે :

હર્નિએટેડ ડિસ્ક : આને સાદી ભાષામાં ગાદી ખસી જવી કહેવાય છે. કરોડરજ્જુમાં કરોડના મણકાઓ વચ્ચે જે ગાદી આવેલી છે તે બહારની તરફ ખસી જાય છે અને પરિણામે સાયેટિક નર્વ પર દબાણ આવે છે.

સ્પાઈનલ કેનાલ સ્ટેનોસિસ : કરોડરજ્જુનો નીચેના ભાગની કેનાલ સાંકડી થઈ જાય છે અને તેથી સાયેટિક નર્વ પર દબાણ આવે છે.

સ્પૉન્ડિલોલિસ્થેસીસ : કરોડરજ્જુમાંનું મણકાનું એક હાડકું એની મૂળ સ્થિતિમાંથી બહાર સરકી જાય છે.

સ્થૂળતા : વધુ પડતું વજન તમારી કરોડ પર લોડ પાડે છે અને તેથી એને ઘસારો લાગે છે અને કરોડ નબળી પડે છે.

તમારી નોકરી : એવો વ્યવસાય કે જેને ભારે વજન ઉપાડવાની જરૂર હોય છે, ઘણું નમવું પડતું હોય છે અથવા બેડોળ કે અસામાન્ય સ્થિતિમાં કામ કરતા હોય છે તે લોકોને પીઠની સમસ્યાઓનું જોખમ વધી શકે છે. લાંબા સમય સુધી બેઠક સાથેની નોકરીઓ - ખાસ કરીને પીઠના યોગ્ય સમર્થન વિના - પણ પીઠની સમસ્યાઓનું જોખમ વધારી શકે છે.

યોગ્ય પોશ્ચર ન રાખવું : ભલે તમે ફીટ હો પણ કોઈ વજન ઉપાડતી વખતે સારી મુદ્રાનો ઉપયોગ ન કરો તો પણ આ તકલીફ થઈ શકે છે. જો તમે શારીરિક રીતે ફિટ અને સક્રિય હો તો પણ, જો તમે વેઈટ લિફ્ટિંગ, સ્ટ્રેન્થ ટ્રેઇનિંગ અથવા સમાન પ્રવૃત્તિઓ દરમિયાન યોગ્ય શારીરિક પોશ્ચરનું પાલન ન કરો તો પણ તમને સાયેટિકા થવાની સંભાવના વધી જાય છે.

બોન સ્પર્સ : કરોડરજ્જુના હાડકાં પર હાડકાની અતિશય વૃદ્ધિ થઈ અને એ સાયેટિક નર્વને દબાવે છે.

પિરીફોર્મિસ સિન્ડ્રોમ : નિતંબમાં પિરિફોર્મિસ નામનો સ્નાયુ હોય છે એ ખેંચાઈ જાય છે અને એ ખેંચાણ સાયેટિક નર્વ પર દબાણ લાવે છે.

આ ઉપરાંત તમાકુનું સેવન તથા ડાયાબિટીસને પણ સાયેટિકાનાં કારણો બતાવ્યાં છે. સાયેટિકા કોઈ કારણ વગર પણ થઈ શકે છે.

સાયેટિકાનાં લક્ષણો : સાયેટિકા હોવાનો અર્થ એ છે કે તમે સાયેટિક નર્વ સાથે જોડાયેલી પેટા નર્વઝના વિસ્તારમાં ગમે તે જગ્યાએ હળવીથી ગંભીર પીડા અનુભવી શકો છો. આ લક્ષણો તમારી પીઠ, નિતંબ અથવા પગને અસર કરી શકે છે. આ લક્ષણો તમારા પગ અને અંગૂઠા સુધી પણ વિસ્તરી શકે છે.

અહીં એક વસ્તુ ખાસ ખાસ સમજવાની છે. સાયેટિકાના પેશન્ટને દુ:ખાવો ભલે પીઠ, નિતંબ, જાંઘ કે ગોઠણ નીચેના ભાગમાં ગમે ત્યાં થાય પણ જે તકલીફ છે એ દુ:ખાવાનાં જે-તે સ્થળે બિલકુલ નથી હોતી પણ તકલીફનું ઉત્પત્તિ સ્થળ એ હોય છે કે જ્યાં સાયેટિક નર્વ પણ દબાણ આવતું હોય. આ સમજવું પડશે. માનો કે ઘરમાં પંખો નથી ચાલતો, ટીવી નથી ચાલતું, ટ્યુબલાઈટ નથી થતી આ બધું થવાનું કારણ એ બધાંમાં પોતાનામાં ખરાબી હોય એટલે નહીં પણ સ્વિચબોર્ડમાં વાંધો હોય એટલે થાય છે. જો તમે આ સમજો તો તમે સાયેટિકાના વિચિત્ર દુ:ખાવાને સમજી શકો. સ્વિચબોર્ડના વાંધાની જેમ વાંધો અહીં સાયેટિક નર્વ જ્યાં દબાતી હોય ત્યાં હોય છે. પગના અન્ય ભાગો પર તો માત્ર એની અસર જ જોવા મળે છે.

હવે, લક્ષણો વિસ્તારથી જોઈએ.

દુ:ખાવો : મોટા ભાગના લોકો સાયેટિકાના દુ:ખાવાને બળતરો અથવા તો ઈલેક્ટ્રિક શોક જેવી વર્ણવે છે. આ દુ:ખાવો પીઠના નીચેના ભાગ કે નિતંબમાંથી શરૂ થઈ અને પગમાં નીચે તરફ જાય છે. આ દુ:ખાવો

સામાન્ય રીતે ઉધરસ, છીંક, શરીરને વાળવું કે પછી તમારી પીઠ પર સૂતા હોય ત્યારે તમારા પગને ઉપરની તરફ ઉઠાવવાથી થાય છે.

કળતર અને ખાલી ચડી જવી : આમાં અસરગ્રસ્ત ભાગમાં કળતર થાય છે અને સોય કે ટાંકણીઓ ભોંકાતી હોય તેવું લાગે છે. જ્યારે પગ સૂઈ જાય છે ત્યારે તમને જે લાગણી થાય છે તેના જેવું જ આ હોય છે. આપણે ઉપર જોયું એ પ્રમાણે સાયેટિક નર્વ સેન્સરી અને મોટર એમ બંને કાર્યો કરે છે. ઉપર જોઈ એ સેન્સરી કાર્યની ખામી હતી, હવે જો મોટર પાર્ટ દબાતો હોય તો જે તકલીફ થાય તે જોઈએ.

સ્નાયુઓની નબળાઈ : આ એક વધુ ગંભીર લક્ષણ છે. તેનો અર્થ એ છે કે મગજ સ્નાયુઓને કમાન્ડ કરવા જે સિગ્નલો મોકલે છે તેમાંને તમારી પીઠ અથવા પગમાં તેમના ગંતવ્ય સુધી પહોંચવામાં મુશ્કેલી આવી રહી છે.

પેશાબ અને/અથવા મળત્યાગ પરનો કાબૂ જેવો : આ પણ એક ખૂબ જ ગંભીર લક્ષણ છે. તેનો અર્થ એ છે કે તમારા મૂત્રાશય અને આંતરડાંને નિયંત્રિત કરતા સંકેતો તેમના ગંતવ્ય સુધી પહોંચી રહ્યા નથી.

સાયેટિકાનું નિદાન : આ રોગ ખૂબ કોમન છે અને ઉપર જણાવેલાં લક્ષણો જ્યારે પેશન્ટ વર્ણવે ત્યારે એને સાયેટિકા છે એવું સમજાઈ જાય છે.

એક ખૂબ સરસ પરીક્ષણ એના માટે કરાય છે. વ્યક્તિને સીધી સૂવાડી અને એને પગ ગોઠણમાંથી વાળ્યા વગર ડોક્ટર ઊંચો લઈ જાય છે. જો સાયેટિકા હોય તો પેશન્ટના પગમાં દુઃખાવો થવા લાગે છે. આ ઉપરાંત પેશન્ટને ચાલવાની અને અન્ય મૂવમેન્ટ્સ કરાવીને એનું અવલોકન કરીને પણ ડૉક્ટર તારણ પર આવી શકે છે.

આવશ્યકતા અનુસાર ડોક્ટર પેશન્ટને

- **સ્પાઈન એક્સ-રે**
- **કોમ્પ્યુટેડ ટોમોગ્રાફી (CT) સ્કેન મેગ્નેટિક રેઝોનન્સ ઈમેજિંગ (MRI) સ્કેન**
- **ઈલેક્ટ્રોમાયોગ્રાફી**
- **માયેલોગ્રામ**

જેવા એડવાન્સ્ડ ટેસ્ટ કરાવી શકે છે.

સાયેટિકાની સારવાર : સાયેટિકાની સારવાર રોગ કેટલો આગળ વધેલો છે તેના પર આધાર રાખે છે.

સાયેટિકાની સારવારમાં સામાન્ય રીતે પીડા ઘટાડવા અને મૂવમેન્ટ વધારવાનો પ્રયાસ કરવાનો સમાવેશ થાય છે. ઘણી સારવારને લગતી બાબતો એવી છે જે તમે જાતે પણ કરી શકો છો. સાયેટિકા થવાનાં કારણ પર આધાર રાખીને, તેના હળવા કેસો સામાન્ય રીતે સ્વ-સારવારથી સારા થઈ જાય છે.

જો સાયેટિકા એ લેવલે પહોંચી છે જે દૂર થતી નથી અથવા વધુ ગંભીર છે તો સારવારના ઘણા વિકલ્પો છે. જો તમારો કેસ ગંભીર હોય અથવા અન્ય સારવારો મદદ ન કરતી હોય તો સર્જરી એક વિકલ્પ હોઈ શકે છે.

બરફનો શેક : બરફનો શેક દુઃખાવો શરૂ થયા પછીના પ્રથમ થોડા દિવસોમાં દુઃખાવો અને સોજો ઘટાડવામાં મદદ કરી શકે છે. તમે આ માટે આઈસ પેક અથવા શાકભાજીની થેલીનો ઉપયોગ કરી શકો છો. બરફના ગાંગડાઓને ટુવાલમાં લપેટીને પણ કરી શકો છો. એક સમયે વીસ મિનિટ માટે આ શેક કરો. દિવસમાં ઘણી વખત આ કરી શકાય છે.

ગરમ શેક : આઈસપેક અથવા બરફનો ઉપયોગ કર્યાના પ્રથમ કેટલાક દિવસો પછી, હીટિંગ પેડ અથવા ગરમ કોમ્પ્રેસ પર સ્વિચ કરો. એક સમયે વીસ મિનિટ માટે ગરમીથી શેક કરો. જો છતાં દુઃખાવો ચાલુ રહે તો ગરમ અને ઠંડા પેક વચ્ચે સ્વિચ કરો, આ ઘણો કારગર ઉપાય છે.

સારવારમાં નીચેનાનો પણ સમાવેશ કરી શકે છે.

પ્રિસ્ક્રિપ્શન દવાઓ : પેઇનકિલર્સ એટલે કે દુઃખાવો ઘટાડતી દવાઓ, સ્નાયુઓને રિલેક્સ કરનારી દવાઓ અને અન્ય દવાઓ સાયેટિકાનાં લક્ષણોમાં મદદ કરી શકે છે. આ ઉપરાંત ટ્રાયસાયક્લિક એન્ટીડિપ્રેસન્ટ્સ અને એન્ટી-સીઝર દવાઓ જેવી અન્ય દવાઓ પણ મદદ કરી શકે છે. પ્રેગાબાલીન નામની નર્વઝના દુઃખાવા પર કામ કરતી દવા પણ અપાય છે.

એક્સરસાઈઝ : અન્ય વિકલ્પોમાં સ્ટ્રેચિંગ એક્સરસાઇઝ અથવા વૉકિંગ, સ્વિમિંગ અથવા વૉટર ઍરોબિક્સ જેવી ઓછી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

ફિઝિયોથેરાપી : સાયેટિકામાં ફિઝિયોથેરાપી ખૂબ મોટો ભાગ ભજવી શકે છે. ફિઝિયોથેરાપિસ્ટ આ બાબતોના નિષ્ણાત હોય છે અને તેઓ વિશિષ્ટ પ્રકારની એક્સરસાઈઝો ઉપરાંત અન્ય ઉપકરણોથી ઘણી રાહત પહોંચાડી શકે છે.

સ્પાઈનલ ઈન્જેક્શન : કોર્ટીકોસ્ટેરોઈડ્સ જેવાં ઈન્જેક્શનો સ્પાઈનમાં આપવામાં આવે છે. ટૂંકા ગાળાની રાહત આપી શકે છે (સામાન્ય રીતે ત્રણ મહિના સુધી). આમાં સામાન્ય રીતે લોકલ એનેસ્થેસિયાનો સમાવેશ થાય છે.

વૈકલ્પિક ઉપચાર : આ સારવારો વધુને વધુ લોકપ્રિય થઈ રહી છે અને પ્રમાણભૂત તબીબી ઉપચાર અથવા દવાઓ સિવાયના વિકલ્પો ઓફર કરે છે. તેમાં સ્પાઈન એડજસ્ટમેન્ટ, યોગ, એક્યુપંક્ચર અને વધુ માટે શિરોપ્રેક્ટરની સારવારનો સમાવેશ થાય છે.

મસાજ થેરાપી સાયેટિકાને લીધે થતાં સ્નાયુ ખેંચાણમાં પણ મદદ કરી શકે છે.

સાયેટિકાની રોકથામ : સારી મુદ્રા જાળવો. જ્યારે તમે બેસતા હો, ઊભા હો, વસ્તુઓ ઉપાડતા હો અને સૂતા હો ત્યારે સારી મુદ્રાની તકનીકોને અનુસરો. તમાકુના ઉત્પાદનોનો ઉપયોગ છોડો (અથવા શરૂ કરશો નહીં).

તમારા માટે તંદુરસ્ત હોય તેવાં વજન સુધી પહોંચો અને જાળવી રાખો. ખાતરી કરો કે તમને હાડકાંનાં સ્વાસ્થ્ય માટે પણ પૂરતું કેલ્શિયમ અને વિટામિન ડી મળે છે.

સક્રિય રહો. શારીરિક પ્રવૃત્તિમાં સ્ટ્રેચિંગથી લઈને સ્ટ્રેન્થ ટ્રેઇનિંગ સુધીની દરેક બાબતોનો સમાવેશ થઈ શકે છે. કોર સ્ટ્રેન્થ અને લવચીકતા વધારવાથી પીઠના દુખાવામાં સુધારો થઈ શકે છે. પ્રવૃત્તિના અન્ય પ્રકારો, જેમ કે એરોબિક વ્યાયામ, તમારા માટે તંદુરસ્ત વજન સુધી પહોંચવામાં અને જાળવવામાં પણ તમને મદદ કરી શકે છે. તમારી જાતને પડી જવાથી બચાવો. પગરખાં પહેરો જે બંધબેસતાં હોય અને તમારા પડી જવાની શક્યતા ઘટાડવા માટે સીડી અને વૉકવેને ગડબડથી મુક્ત રાખો. ખાતરી કરો કે રૂમ સારી રીતે પ્રકાશિત છે અને બાથરૂમમાં ગ્રેબ બાર છે અને દાદર પર રેલ છે.

સર્જીકલ ટ્રીટમેન્ટ : જો દવાઓ, એક્સરસાઇઝ વગેરે ઉપાયોથી ફાયદો ન થાય અને રોગ સહનશક્તિની બહાર જતો રહે કે કોઈ જોખમ ઊભું થાય તો સર્જીકલ ટ્રીટમેન્ટનો આશરો લેવો પડે છે. તેમાં ડિસ્કેકટોમી, લેમીનેકટોમી વગેરેનો સમાવેશ થાય છે. સાયેટિકાથી ડરી જવાની જરૂર નથી. ઘણી વખત આ રોગ કશું કર્યા વગર પણ મટી જાય છે.

વિશેષ નોંધ : આ લેખ ડોક્ટરની સલાહ અને સારવારનો વિકલ્પ નથી.



- ડૉ પ્રણવ વૈદ્ય

અમેરિકામાં શિક્ષકોની ભૂમિકા

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

અમેરિકામાં અને વિદેશોમાં દર વર્ષે મારે જવાનું થાય છે, શાળા, મહાશાળાઓની મુલાકાત લેતો હોઉં છું. શિક્ષકો-પ્રોફેસરોને મળું છું. ત્યારે મનમાં સતત એક પ્રશ્ન ઊભો થાય છે કે અહીં શાળા-મહાશાળામાં કામ કરતા ટીચરો ને આપણા ત્યાં કામ કરતા ટીચરોની ભૂમિકાનો તુલનાત્મક અભ્યાસ સૌની સમક્ષ મૂકવો જોઈએ.

આંગણવાડી અને બાલમંદિરની જેમ અહીં 'ચાઈલ્ડ કેર' સેન્ટર ચાલે છે. ચાઈલ્ડ કેર સેન્ટરોનો ખર્ચ સરકાર ચૂકવે છે. ચાઈલ્ડ કેરમાં શિક્ષકની ભૂમિકા 'માતા' તરીકેની હોય છે. માતા ઘરમાં પોતાના બાળકની જે રીતે કાળજી લે છે, તે રીતે જ અહીં કાળજી શિક્ષક રાખે છે. બાળકને જે ખોરાક અપાય છે, તે પણ બાળકને કેન્દ્રમાં રાખીને અપાય છે. કોઈ બાળક વધારે ખાય, ઓછું ખાય કે વધારાનો જ્યૂસ માગે તો શિક્ષક ના પાડે નહિ, માતા બાળકને સમયે સમયે જે રીતે ઘરમાં ફ્રૂટ્સ કે જ્યૂસ આપે છે તે રીતે જ ચાઈલ્ડ કેરમાં સંભાળ લેવાય છે. શિક્ષકને તાલીમ પણ આ રીતે આપવામાં આવે છે. ૩ થી ૪ વર્ષના કે ૪ થી ૫ વર્ષના બાળકનો ભાષાકીય વિકાસ, શારીરિક-માનસિક વિકાસ, સંવેગાત્મક વિકાસ કેટલો થઈ શકે તેની તાલીમ શિક્ષકને લેવી પડે છે, અને શિક્ષકે ૩થી ૪ વર્ષના બાળકના વિકાસાત્મક તબક્કાઓનો અભ્યાસ કરેલો હોય તેને જ તે ઉંમરના બાળકો સોંપવામાં આવે છે. શિક્ષક બાળકને બધી રીતે ઉપયોગી બને છે. બાળકના વિકાસ માટે તમામ પ્રકારની ભૌતિક વ્યવસ્થા હોય છે. ઉંમર પ્રમાણે રમકડાં, રમવાનાં સાધનો, ગમ્મત સાથે જ્ઞાન મળે તેવું વાતાવરણનું નિર્માણ કરેલું હોય છે.

પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની નિયુક્તિ જે તે વિસ્તારની એજ્યુકેશન કમિટી કરે છે, રજાઓ પહેલાં શિક્ષકોની નિમણૂક થઈ જાય છે. આપણા ત્યાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની નિમણૂંક સપ્ટેમ્બર પહેલાં થતી જ નથી. જૂનમાં સ્કૂલ શરૂ થાય, બાળક ભણવા માંડે ત્યારે પૂરતા શિક્ષકો ભાગ્યે જ હોય છે. બદલી અને નિયુક્તિ કાર્ય રજાઓમાં પૂરું કરી દેવું જોઈએ. અમેરિકામાં સ્કૂલ શરૂ થાય એક પણ વર્ગ શિક્ષક વગરનો ખાલી હોતો નથી. દરેક વર્ગમાં ૧૬થી ૧૮ બાળકો હોય છે. બાળક શાળામાં પ્રવેશ કરે તે પહેલાં શિક્ષકને હાજર થવાનું હોય છે. વાલીઓ કે બાળકોને શાળામાં લઈ આવતી બસો સ્કૂલના ઝાંપે બાળકોને છોડી દે છે, ત્યાંથી શિક્ષક પોતાના બાળકોને વર્ગખંડ સુધી લઈ જાય છે. દસ પંદર મિનિટમાં દરેક બાળકની હાજરી ચેક કરવામાં આવે છે, અને કોઈ બાળક ગેરહાજર છે, અને અગાઉથી ગેરહાજર રહેવાનું છે, એવી સૂચના નથી તો તરત જ તેના વાલીને ફોન કરીને પૂછી લેવામાં આવે છે, 'તમારું બાળક આજે આવ્યું નથી,' નહિ આવવાના કારણની નોંધ કરવામાં આવે છે. શિક્ષક દરેક વિદ્યાર્થીના વ્યક્તિત્વના તમામ પાસાઓની નોંધ રાખે છે. અહીં શિક્ષકનું કાર્ય માત્ર ભણાવવાનું નથી, પણ વિદ્યાર્થીને વર્તમાન અને ભાવિ જીવન કેવી રીતે જીવવું તે શીખવવામાં આવે છે.

શિક્ષકનું એક જ કામ છે બાળકને સમજીને તેના વર્તન, વિચાર, કાર્યમાં મદદરૂપ બનવું. શિક્ષક પોતાના અગાઉથી નક્કી થયેલા કાર્ય પ્રમાણે સમયસર વર્ગમાં કામ શરૂ કરી દે છે. શિક્ષકને આચાર્યને કે અધિકારીને મળવાનું હોતું નથી, ચાલુ વર્ગમાં શિક્ષક શું કરે છે, તેની કોઈ નોંધ આચાર્યને લેવાની હોતી નથી, કે શિક્ષક અને આચાર્ય વચ્ચેનો કોઈ ભેદ નથી. આચાર્ય એ આચાર્યનું કાર્ય કરે છે અને શિક્ષક શિક્ષકનું. કોઈ મોટું નથી કે કોઈ નાનું નથી. આચાર્ય 'સાહેબ' છે, મોટા છે, તેઓ ખુશ થાય તેવું કરવું જોઈએ, આવું ત્યાં નથી. ચમચાગીરી નથી કે શિક્ષકો-શિક્ષકો વચ્ચે કોઈ ભેદભાવ નથી. આચાર્ય શિક્ષકો સાથે ચર્ચાઓ કરે, અને શિક્ષકોનો અભિપ્રાય મેળવીને આગળ વધે છે. કોઈ વસ્તુ કોઈના ઉપર ઠોકી બેસાડવામાં આવતી નથી. આચાર્યની અલગ રૂમ માત્ર વ્યવસ્થા માટે હોય છે. આચાર્યને કોઈ પણ મળી

શકે છે. મોટે ભાગે આચાર્ય બહાર વિદ્યાર્થીઓ વચ્ચે જ ફરતા જોવા મળે છે, અને શાળાની તમામ પ્રવૃત્તિઓ નિહાળતા હોય છે, ને મદદરૂપ બનતા હોય છે. હું સોકા યુનિવર્સિટી - લોસ એન્જેલસની મુલાકાતે ગયેલો. અમેરિકામાં આ એક એવી યુનિવર્સિટી છે કે જે ગાંધી વિચારધારા ઉપર ચાલે છે, અને દુનિયાના ૧૫૦ દેશોમાંથી વિદ્યાર્થીઓ અહીં ભણવા માટે આવે યુનિવર્સિટીના દરવાજે જ ગાંધીજીનું સ્ટેચ્યું મૂકવામાં આવ્યું છે. હું ત્યાં પ્રિન્સિપાલને મળવા ગયો, તો પ્રિન્સિપાલ મેદાનમાં કચરો વાળતા હતા, સફાઈ કરતા હતા. બપોરે લંચ સમયે પ્રિન્સિપાલ પોતે વિદ્યાર્થી વચ્ચે તેઓની લાઈનમાં ઊભા હતા, વિદ્યાર્થીઓ વચ્ચે જ ભોજન લેતા. પ્રિન્સિપાલ મોટા સાહેબ છે, એવું જ નહિ. પ્રોફેસરો પણ સાથે જ જોડાયેલા. પ્રિન્સિપાલને હું મળ્યો, અને કહ્યું, 'મારે તમારી સાથે વાતો કરવી છે, તમારી ઓફિસમાં બેસીએ' તો તેઓએ કહ્યું, "મારી અલગ ઓફિસ છે જ નહિ, આ બધી ઓફિસો મારી જ છે, ચાલો ગમે ત્યાં બેસીએ." આ જોઈને મને નવાઈ લાગી. પ્રિન્સિપાલ પાસે જરાયે અહમ્ કે અભિમાન નહિ. મેં લાઈબ્રેરી જોવાની વાત કરી તો એક વિદ્યાર્થીને મારી સાથે મોકલ્યો. વિદ્યાર્થીઓએ મને તમામ માહિતી આપી, વર્ગખંડો બતાવ્યા. વિદ્યાર્થીઓ બધા જ બધી જ રીતે તૈયાર થયેલા. વિદ્યાર્થીઓ, અધ્યાપકો ને આચાર્ય સાથે સરળતાથી સહજ રીતે બધી બાબતોની ચર્ચા કરતા, અને એકબીજાને મદદ કરતા. વિશાળ લાઈબ્રેરી જોઈ, હું મનોવિજ્ઞાનનો પ્રોફેસર હોવાથી સ્કીઝોફેનિયા વિષે મારે જાણવું હતું, મેં લાઈબ્રેરિયનને વાત કરી તો તેઓએ સ્કીઝોફેનિયા વિષેની માહિતી જે તે પુસ્તકોમાં હતી, તે તમામ શોધીને મને આપી દીધી. મેં કહ્યું, "હું ઝેરોક્ષ કરાવી શકું?" તેઓએ મને ૧૦૦ પૃષ્ઠ ઝેરોક્ષ કરીને આપી દીધા. હું પૈસા આપવા ગયો, તેઓએ કહ્યું, "અમે કોઈના પૈસા લેતા નથી, આપ જેવા વાચકો જ અમારું ધન છે." લાઈબ્રેરિયન એટલા બધા જાગૃત છે કે કોઈ પણ વાચક આવે તો તેને પુસ્તક શોધી આપે એટલું જ નહિ. બેસવાની તમામ વ્યવસ્થા ગોઠવી આપે, જ્યારે આપણે ત્યાં લાઈબ્રેરીઓ છે પણ ગ્રંથપાલો જ નથી. સરકાર ગ્રંથપાલ જ મૂકતી નથી, 'વાંચે ગુજરાત' પણ વાંચે ક્યાં? વાતો મોટી-પરિણામ શૂન્ય.

આપણા ત્યાં શિક્ષકોની ભૂમિકા દુઃખદાયક બની છે. હજુ આપણે અંગ્રેજોની પ્રણાલી, 'સાહેબ'ની પરંપરા છોડી નથી. આજે પણ આપણે આપણા અધિકારીઓને 'સાહેબ' કહીને બોલાવીએ છીએ. 'સાહેબો' તો ઈંગ્લેન્ડ ચાલ્યા ગયા હવે શું? આઝાદી પછી હજુ અહમ્ અને અભિમાનથી રોગગ્રસ્ત બનેલા આપણા આ સાહેબો લોકશાહીની સમગ્ર પરંપરા-પદ્ધતિને નિચોવીને પી ગયા છે. શિક્ષક, વિદ્યાર્થી, આચાર્ય અને સંચાલકોની આપણી શાળા-મહાશાળાઓમાં જે ભૂમિકા જોવા મળે છે, તે અત્યંત દુઃખદ છે. શાળામાં સ્વસ્થ વાતાવરણનું નિર્માણ તો ત્યારે જ થઈ શકે જ્યારે બધા પાસાઓ એકબીજા સાથે સંપૂર્ણ તાદાત્મયથી સજ્જ હોય. આજે આપણી શાળાઓમાં આચાર્ય વિચિત્ર વર્તન સમસ્યા વચ્ચે ઘેરાયેલા છે. પોતે મોટા છે, એવું માનીને ચાલે છે, ઘણીવાર તેઓને મળવું અઘરું બને છે.

આપણે સૌ એવું માનીને બેઠા છીએ કે આપણા ઉપર કોઈનું આધિપત્ય હોવું જોઈએ. કોઈનો ભય નથી તો કોઈ કામ કરતું નથી. જેથી શાળા-મહાશાળાઓમાં ભય ઘૂસાડી દેવામાં આવ્યો છે. ભય વિના પ્રીતિ નહિ. આ બધા જૂના-પુરાણા નીતિ-નિયમોએ આપણા સૌના માનસને વિકૃત બનાવી દીધું છે. આવા નિયમોના કારણે આપણું શિક્ષણ ગુણવત્તાસભર બન્યું નથી. અમેરિકા કે પશ્ચિમના દેશોમાં આ ભયનું વાતાવરણ વચ્ચેથી નિર્મૂળ બનાવી દીધું છે. બધા જ ચર્ચા કરી શકે, અને બધા જ એકબીજાની સત્ય હકીકતો રજૂ કરી શકે.

શિક્ષકોને હવે આપણે માનસિક રીતે સ્વતંત્ર અને સ્વસ્થ બનાવવાની જરૂર છે. સરકાર અને સંચાલકોએ શિક્ષકોને મજૂર બનાવી દીધા છે, સરકાર પાસે શિક્ષકોને સ્વસ્થ બનાવવાની કોઈ યોજના નથી. માત્ર પગાર આપવાથી કે રક્ષણ આપવાથી શિક્ષક સ્વસ્થ નહિ બને. શાળાઓની કાર્ય પદ્ધતિ સંઘર્ષ રહિત બનાવવી પડશે. આપણી સમગ્ર વહીવટી અને શૈક્ષણિક વ્યવસ્થા આદર્શ અને વાસ્તવિકતા વચ્ચે ગોથાં ખાઈ રહી છે. આપણે આદર્શને છોડી શકતા નથી ને વાસ્તવિકતાને રોકી શકતા નથી. આ બન્ને પાસાઓ વચ્ચે લોકશાહી ગૂંગળાઈ રહી છે, દુનિયાના બીજા દેશો આ બન્ને બાબતોને સમજીને આગળ વધી રહ્યા છે, જ્યાં સુધી આપણે આદર્શ અને વાસ્તવિકતા વચ્ચેની સીમારેખાને નહિ સમજીએ ત્યાં સુધી આ બધું ચાલ્યા જ કરવાનું છે.



ડૉ. મફતભાઈ પટેલ

વિભાગ : ૭ કૃષિ, વેપાર અને ઉદ્યોગ ધંધા

ઉત્તર ગુજરાતમાં કૃષિ-ક્રાંતિ : ૧-૨ વીઘા જમીનમાં 'ગોલ્ડન બિઝનેસ' મોડેલ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

ઉત્તર ગુજરાતમાં કૃષિ-ક્રાંતિઃ ૧-૨ વીઘા જમીનમાં 'ગોલ્ડન બિઝનેસ' મોડેલ

ભૌગોલિક વિશેષતાનો ઉપયોગ આપણે કૃષિ ઉત્પાદન માટે પણ લઈ શકીએ છીએ. કર્કવૃત્ત ઉત્તર ગુજરાતના મહેસાણા અને કલોલની વચ્ચેથી પસાર થાય છે. (Tropic of Cancer) ના પ્રભાવનો ઉપયોગ આપણે આ હવામાનથી થતા કૃષિ ઉત્પાદનો મેળવવા માટે કરી શકીએ તેમ છીએ.

મહેસાણા અને ઉત્તર ગુજરાતના પટ્ટા પરથી કર્કવૃત્ત પસાર થાય છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ, આ વિસ્તારમાં સૂર્યના કિરણો સીધા પડતા હોવાથી 'ફોટો-પિરિયડ' (પ્રકાશનો સમય) લાંબો રહે છે. આ સ્થિતિ ઔષધિય પાકોમાં 'સેકન્ડરી મેટાબોલાઇટ્સ' (દવાયુક્ત તત્ત્વો) વધારવામાં મદદરૂપ થાય છે. અહીંની રેતાળ-ગોરાડુ જમીન ગરમીને ઝડપથી શોષે છે, જે મૂળના વિકાસ અને તેલીબિયાં કે સુગંધિત પાકો માટે આશીર્વાદરૂપ છે.

૧. નફાકારક પાકોની પસંદગી (૧ - ૨ વીઘા માટે)

સ્ટીવિયા (મધુલરી) : ખાંડ કરતા ૩૦૦ ગણી વધુ મીઠાસ ધરાવતો આ છોડ ડાયાબિટીસ માર્કેટમાં 'વરદાન' છે. ૧ વીઘામાં અંદાજે ૧૦,૦૦૦ રોપા સમાય છે. ૩ મહિનામાં પ્રથમ લણણી અને પછી દર ૩ મહિને કાપણી કરી શકાય છે.

કાળી તુલસી (શ્યામ તુલસી) : આયુર્વેદિક દવાઓ અને હર્બલ ટીમાં તેની ભારે માંગ છે. ૨ વીઘામાં તુલસી વાવવાનો ખર્ચ ₹ ૧૫ - ૨૦ હજાર છે, પણ વળતર લાખોમાં મળી શકે છે.

લેમન ગ્રાસ (લીલી ચા) : એકવાર રોપણી કર્યા પછી ૫ વર્ષ સુધી ઉત્પાદન આપે છે. તેનું તેલ કાઢીને વેચવાથી ₹ ૧૨૦૦ - ૧૫૦૦ પ્રતિ લિટરનો ભાવ મળે છે.

૨. મૂલ્યવર્ધન (Value Addition):

નફો બમણો કરવાની ચાવી માત્ર કાચો માલ વેચવાને બદલે ખેડૂતોએ 'નાનું પ્રોસેસિંગ યુનિટ' નાખવું જોઈએ.

સોલર ડ્રાયર : ઉત્તર ગુજરાતમાં સૂર્યપ્રકાશ વધુ હોવાથી 20-30 હજારમાં સોલર ડ્રાયર બનાવી શકાય. પાન કે શાકભાજીને છાંયડે સૂકવીને વેચવાથી તેનો લીલો રંગ અને ગુણવત્તા જળવાય છે, જેનો બજાર ભાવ ૩ ગણો મળે છે.

પલ્વરાઈઝર (દળવાનું મશીન) : સૂકવેલા પાનનો પાવડર બનાવી નાના પેકેટમાં 'ઓર્ગેનિક' બ્રાન્ડ તરીકે વેચવો.

૩. ખેડૂતો માહિતી અને બિયારણ/રોપા ક્યાંથી મેળવી શકે?

સરકારી સંસ્થાઓ : આણંદ કૃષિ યુનિવર્સિટી (ઔષધિય અને સુગંધિત છોડ વિભાગ) : અહીંથી ઉત્તમ ગુણવત્તાના બિયારણ અને ટેકનિકલ માર્ગદર્શન મળે છે.

ડિરેક્ટોરેટ ઓફ મેડિસિનલ એન્ડ એરોમેટિક પ્લાન્ટ્સ રિસર્ચ (DMAPR), બોરીયાવી (આણંદ) : કેન્દ્ર સરકારની આ લેબ ઔષધિય ખેતી માટેની સર્વોચ્ચ સંસ્થા છે.

KVK (કૃષિ વિજ્ઞાન કેન્દ્ર), ગણપત યુનિવર્સિટી (મહેસાણા) : સ્થાનિક સ્તરે તાલીમ માટે સંપર્ક કરી શકાય.

ખાનગી નર્સરી : ટીશ્યુ કલ્ચર રોપા માટે પૂણે કે બેંગ્લોરની નામાંકિત લેબ્સનો સંપર્ક કરવો (જેમ કે જૈન ઇરિગેશન કે અન્ય એગ્રી-સ્ટાર્ટઅપ્સ).

૪. સરકારી સબસીડી અને સહાય

નેશનલ મેડિસિનલ પ્લાન્ટ્સ બોર્ડ (NMPB) : ઔષધિય પાકોની ખેતી માટે 30% થી 75% સુધીની સબસીડી આપે છે (પાક મુજબ અલગ-અલગ).

આઈ-ખેડૂત પોર્ટલ (i-khedut) : ગુજરાત સરકારની આ વેબસાઈટ પર ટપક સિંચાઈ (Drip), ગ્રીન હાઉસ, સોલર ફેન્સિંગ અને ખેતીના સાધનો પર 50% થી 80% સબસીડી માટે ઓનલાઈન અરજી કરી શકાય છે.

બાગાયત ખાતું (Horticulture Dept) : જિલ્લા પંચાયત મહેસાણા ખાતે બાગાયત કચેરીનો સંપર્ક કરી ડ્રેગન ફ્રૂટ કે અન્ય ફળાઉ પાકોની સબસીડીની માહિતી મેળવી શકાય.

નિષ્કર્ષ : ૧-૨ વીઘા જમીન ધરાવતા નાના ખેડૂતો માટે 'હાઈ-ટેક' અને 'વેલ્યુ એડેડ' ખેતી એ જ આર્થિક આઝાદીનો રસ્તો છે. કર્કવૃત્તના સૂર્યપ્રકાશને ઊર્જા અને સમૃદ્ધિમાં ફેરવવાનો આ જ શ્રેષ્ઠ સમય છે.



- ચિરાગ પટેલ

વિભાગ : ૮ ઉમિયા દ્વારેથી ...



શ્રી ઈશ્વરભાઈ એ. પટેલ

ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન સમારોહ સોલા (અમદાવાદ) :

સમગ્ર વિશ્વના કડવા પાટીદારોની કુળદેવી જગતજનની મા ઉમિયા ૧૮૭૦ વર્ષથી ઐતિહાસિક નિજ મંદિર ઊંઝામાં બિરાજમાન છે. જે કડવા પાટીદાર સમાજ માટે ધાર્મિક દીવાદાંડી સમાન છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા કડવા પાટીદાર સમાજમાં શ્રધ્ધા ચેતના જગાવી સમાજને એકતાના તાંતણે બાંધી રહ્યું છે. માત્ર ધાર્મિકતા જ સમાજને આગળ નહીં દોડાવી શકે એવું તથ્ય સમજીને આ સંસ્થા સમાજના ઉત્કર્ષ અને કેળવણી માટે અવિરત કાર્ય કરતી ચેતનવંતી સંસ્થા બનવા અગ્રેસર રહી છે. સ્વ. શેઠશ્રી કેશવલાલના વિચારોના મશાલચી બની આ સંસ્થાના પ્રમુખ રહી ગયેલા સ્વ. મૂઠી ઊંચેરા સ્વ. શ્રી અનિલભાઈ ટી. પટેલે એક કદમ આગળ ઊઠાવી ઉમિયા IAS ટ્રેનિંગ સેન્ટરનો વ્યાપ વધે તે માટે પ્રયત્નો કર્યા. સને. ૨૦૦૦ “Umiya IAS Training Center” માં શરૂ થયેલ આ સંસ્થા IAS/IPS/IRS/IFS જેવા ઉચ્ચ હોદ્દાઓ માટે જેવા કે નાયબકલેક્ટર/ડીવાયએસપી/ડીસ્ટ્રીક રજીસ્ટાર / મામલતદાર / ટીડીઓ /આરએફઓ/પોલીસ વગેરે નોકરી માટે GPSCની તાલીમ વર્ગો ચલાવી રહ્યા છે. આ સંસ્થા અંતર્ગત ઉચ્ચ અને ઉમદા ભાવના સમાજના-દીકરા દીકરીઓમાં જાગૃત થાય તે માટે તાલીમાર્થીઓને નૈસર્ગિક વાતાવરણમાં નહિવત્ ફીના ધોરણે તમામ પરીક્ષાઓની પ્રાથમિક, લેખિત અને મૌખિક ઈન્ટરવ્યૂની તૈયારી કરાવવામાં આવે છે. નિષ્ણાત ફેકલ્ટી મેમ્બર્સની મહેનતથી ઉચ્ચ હોદ્દાઓ શોભાવી રહેલ સમાજ સેવાથી રાષ્ટ્રસેવાના અભિગમ સાથે જોડાવા પ્રેરિત કર્યા છે. શ્રીમતી શોભાબેન પ્રતાપભાઈ પટેલ ઉમિયા કરીયર ડેવલપમેન્ટ કાઉન્સીલના નામથી કાર્યરત સંસ્તામાં તા. ૦૧-૦૩-૨૦૨૬ના રોજ સન્માન સમારોહ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન કાર્યક્રમ સંસ્થાના પ્રમુખશ્રી બાબુભાઈ જે. પટેલના અધ્યક્ષસ્થાને ઉમિયાધામ કેમ્પસ સોલા-અમદાવાદમાં યોજાયો. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ૧૩૦૦થી વધુ ગવર્મેન્ટ નોકરી મેળવેલા વિદ્યાર્થી હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના ઉપપ્રમુખશ્રી રમેશભાઈ દૂધવાળા, માનદ્‌મંત્રીશ્રી જયંતિભાઈ પટેલ, હોદ્દેદારશ્રીઓ, સંસ્થાના કારોબારી સભ્યશ્રીઓ અને દાતાશ્રેષ્ઠીઓ હાજર રહ્યા.

ચૈત્રી નવરાત્રીમાં અનુષ્ઠાન ચંડીપાઠ પૂજાવિધિ :

હિંદુ ધર્મનો પવિત્ર તહેવાર છે જે ચૈત્ર માસની સુદ એકમથી નોમ સુધી નવ દિવસ ઊજવાય છે. આ સમયમાં નવ સ્વરૂપોની ઉપાસના કરવામાં આવે છે. ચંડીપાઠ કરવાથી માતાજીની કૃપાથી ઘરમાં સુખ-શાંતિ આવે ધન અને સમૃદ્ધિ વધે. જીવનના કાર્યોમાં સફળતા મળે. ચંડીપાઠ માત્ર એક પાઠ નથી. પરંતુ તે શક્તિ, રક્ષણ, શાંતિ અને સમૃદ્ધિ મેળવવાનો એક પવિત્ર માર્ગ માનવામાં આવે છે. ચંડીપાઠ સાંભળવાથી અથવા કરવાથી મનમાં હિંમત અને સકારાત્મકતા આવે છે. તે જીવનની મુશ્કેલીઓનો સામનો કરવાની શક્તિ આપે છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝામાં ₹ ૫૧૦૦/- ભરી દુર્ગા સપ્તશતિ ચંડીપાઠ થાય છે. નવરાત્રી દરમિયાન દુર્ગા સપ્તશતિ ચંડીપાઠ કરાવી અક્ષય પુણ્ય અર્જિત કરી મા ઉમિયાના આશીર્વાદ મેળવી શકો છો.

વિશ્વ મહિલા દિવસ :

વિશ્વ મહિલા દિવસ દર વર્ષે ૮ માર્ચે ઊજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ મહિલાઓના અધિકારો, સમાનતા અને તેમના સમાજમાં આપેલા યોગદાનને સન્માન આપવાનો છે. મહિલાઓને સન્માન, સમાન અધિકાર અને સુરક્ષા આપવી સમાજની જવાબદારી છે. માતૃશક્તિ વગર સમાજનો વિકાસ શક્ય નથી. તેથી આપણે દરેક મહિલાનું માન અને સન્માન કરવું જોઈએ. મહિલા માત્ર એક વ્યક્તિ નથી પરંતુ તે માતૃશક્તિ છે. માતા, બહેન, પત્ની અને પુત્રી તરીકે મહિલાઓ સમાજ અને પરિવારના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. માતા બાળકને સંસ્કાર આપે છે અને સારા નાગરિક બનાવે છે. ભારતમાં અનેક દેવીઓ શક્તિનું પ્રતીક છે. જેમ કે દુર્ગા-શક્તિ અને સાહસનું પ્રતીક, લક્ષ્મી-સંપતિ અને સમૃદ્ધિનું પ્રતીક, સરસ્વતી-જ્ઞાન અને વિદ્યાનું પ્રતીક છે. દરેક મહિલા ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન છે.

વિશ્વ મહિલા દિવસની ઊજવણી નિમિત્તે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા સંચાલિત ઉમિયાધામ સોલા અમદાવાદમાં એ.આઈ ટેક્નોલૉજીના સંદર્ભે તરીકે કાર્યક્રમ કરવામાં આવ્યો. એ આઈ ટેક્નોલૉજી વિશે જાણકાર બની અને આત્મનિર્ભર બની શકે તેના વિશે જાણકારી અને મહિલા સત્સંગ મંડળ કિટ વિતરણનો સમારોહ યોજવામાં આવ્યો. આજના સમયમાં મહિલાઓ શિક્ષણ, વિજ્ઞાન, રમતગમત, રાજકારણ અને વ્યવસાય જેવા દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે. તેઓ ઘર અને સમાજ બંનેને સંભાળી દેશના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. તે વિશે સુંદર માહિતી આપવામાં આવી અને સુંદર કાર્યક્રમનું આયોજન થયું. આમ ઉમિયા માતાજી શક્તિ, દયા અને માતૃત્વનું પ્રતીક છે. તેઓ અમને શીખવે છે કે સ્ત્રીઓ માત્ર પરિવાર માટે જ નહીં પરંતુ સમગ્ર સમાજના વિકાસ માટે પણ ખૂબ મહત્વની છે. ઉમિયા માતાજી આપણને પ્રેરણા આપે છે કે આપણે મહિલાઓનો સન્માન કરીએ. તેમને સમાન તક આપીએ અને તેમના સપનાઓને પૂર્ણ કરવા માટે સહયોગ આપીએ.

ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ :

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા સંચાલિત ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ દ્વારા સમાજના વિદ્યાર્થીઓને ઊંચું શિક્ષણ મેળવવા માટે આર્થિક મદદ કરે છે. આર્થિક રીતે નબળા પરંતુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મદદ કરવી વિદ્યાર્થીઓને કોલેજ અને વ્યાવસાયિક અભ્યાસ માટે પ્રોત્સાહન આપવું, સમાજમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવું, ઘણા વિદ્યાર્થીઓ પાસે ભણવાની ઈચ્છા અને પ્રતિભા હોવા છતાં આર્થિક મુશ્કેલીના કારણે તેઓ અભ્યાસ કરી શકતા નથી આવી સ્થિતિમાં આ નિધિ તેમના માટે આશીર્વાદ સમાન સાબિત થાય છે. આ યોજનાથી વિદ્યાર્થીઓ એન્જિનીયરીંગ મેડીકલ મેનેજમેન્ટ અને અન્ય ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય મેળવી શકે છે. આથી તેઓ પોતાના સપનાઓ પૂરા કરી શકે.

સંસ્થાન દ્વારા તા. ૦૧-૦૪-૨૦૨૫થી તા. ૩૧-૦૩-૨૦૨૬ સુધીમાં ૨૦૫ વિદ્યાર્થીઓને ₹ ૮૨,૮૫,૦૦૦/- રકમ સુધી લોન આપવામાં આવી. ૬૦ ટકા તેથી વધુ મેળવનાર તેમજ કુટુંબની વાર્ષિક આવક ₹ ૨,૫૦,૦૦૦/- થી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓએ ઓગસ્ટથી - ડિસેમ્બર સુધી વેબસાઈટ www.maaumiya.org પરથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. આ સંસ્થા તરફથી લોનના નિયમો પ્રમાણે તમે અરજી કરશો ત્યાં સુધી લોન આપવામાં આવશે, છેલ્લી લોન લીધા તારીખથી બે જ વર્ષમાં બે કે ત્રણ હપ્તાથી વગર વ્યાજે પરત કરવાની રહેશે. લીધેલી લોન સમયસર ભરપાઈ કરવાથી સંસ્થાન નવિન લોન માટે આવેલી અરજીઓવાળા વિદ્યાર્થીઓને સંતોષકારક લોન આપી શકે. આ બાબતે જરૂર જણાય તો આપ સંસ્થાના મોબાઈલ નં. ૮૫૧૧૦૧૬૦૦૦ ઉપર સંપર્ક કરી શકો છો.

વિભાગ : ૯ પ્રેરણાત્મક સાહિત્ય

વૃત્તિ અને પ્રવૃત્તિ

એક સજ્જન પાસે મબલખ સંપત્તિ હતી. તેમના મનમાં વિચાર આવ્યો, 'આ સંપત્તિ મારી સાથે તો આવવાની નથી. શા માટે એ દીન-દુખિયાંઓમાં વહેંચી ન દેવી ? તે બિચારાઓનાં દુઃખ દૂર થશે અને મને પુણ્ય મળશે.' કોને કોને પૈસા આપી મદદ કરવી તેની યાદી તેમણે બનાવવા માંડી. સૌથી પહેલાં એમની નજીકનાં હતાં તે સૌ સગાં, વહાલાં, સંબંધી અને જ્ઞાતિજનોનાં નામ લખ્યાં. પછી થયું કે આવી સહાય તો બહુ સંકુચિત ગણાશે. તેથી તેમણે ગરીબોની ચાલીઓ, ઝૂંપડપટ્ટીઓ અને એવાં સ્થળોએ રહેતા લોકોમાં દાન આપવાનું વિચાર્યું. વળી પાછું થયું કે આવાં સ્થળોએ લુચ્ચા, લફંગા, દારૂડિયા અને એવા બધા લોકો પણ રહેતા હોય. તેમને આપેલું દાન તો કુપાત્રે જાય.

એક ડાહ્યા સાધુપુરુષ પાસે એ સજ્જન સલાહ લેવા ગયા. પોતાની મૂંઝવણ જણાવી. સાધુપુરુષે તેમને એક નાનકડી કથા કહી સંભળાવી :

ત્રણ માછીમારોને દરિયા પર તરી રહેલી બાટલી મળી. બાટલીમાંથી ચબરખી નીકળી. ચબરખીમાં લખ્યું હતું. 'કોઈ બચાવો મને ! દરિયાએ મને આ રણ જેવા ટાપુ પર ફંગોળી દીધો છે. મદદની રાહ જોતો હું કિનારે ઊભો છું. જલદી આવો !'

પહેલા માછીમારે કહ્યું : 'આ ચિઠ્ઠી પર તારીખ તો લખી નથી. મને ખાતરી છે કે આ બાટલી વર્ષોથી દરિયા પર તરી રહી હશે અને ચિઠ્ઠી લખનારો ક્યારનોય મરી ગયો હશે.'

બીજા માછીમારે કહ્યું, 'એ કયા કિનારે ઊભો છે એ તો તેણે લખ્યું નથી. કયો દરિયો એ પણ જણાવ્યું નથી. આપણે ક્યાં જઈને એને મદદ કરીએ ?'


ત્રીજો માછીમાર બોલ્યો : 'હજી કંઈ બહુ મોડું નથી થયું. અને સ્થળ પણ દૂર નહીં હોય. અહીં જે ટાપુ છે એ જ ટાપુ સર્વત્ર છે. ચાલો આપણે મદદની રાહ જોઈ રહેલા માણસની વહારે નીકળી પડીએ.'

કથા સાંભળી સંપત્તિવાન સજ્જન વિચારમાં પડી ગયા. સાધુપુરુષે સમજણ પાડી કે આપણામાં રહેલી સદ્‌વત્તિ આપણને સારાં કામ કરવા પ્રેરે છે. સદ્‌વૃત્તિઓની નીચે અચેતન માનસમાં સ્વાર્થ, લોભ, લાલચ જેવી અસદ્‌વૃત્તિઓ પડેલી છે. બુદ્ધિની મદદથી અસદ્‌વૃત્તિઓ રૂપાળી દલીલો શોધી કાઢે છે અને આપણને સારાં કામો કરતાં રોકે છે. પહેલા બે માછીમારો આવાં બહાનાંઓ બતાવી સત્કર્મમાંથી ચળવા માગતા હતા જ્યારે ત્રીજો માછીમાર પોતાનાથી થઈ શકે તે બધું કરી છૂટવા તત્પર હતો. એ ત્રીજા માછીમારની જેમ સદ્‌વૃત્તિનું સદ્‌પ્રવૃત્તિમાં રૂપાંતર કરવાનું છે.

ફક્ત સદ્‌વૃત્તિ હોય તે પૂરતું નથી. સદ્‌વૃત્તિ દોરવે તે મુજબ મન મૂકીને થાય એટલું કરી છૂટવું જોઈએ. તેનો લાભ યોગ્ય વ્યક્તિઓને મળશે કે નહીં તે આપણે વિચારવાનું નથી. જેને પણ લાભ થાય તે ખરો. આખરે તો વિશ્વનો ટાપુ અને વિશ્વચેતના એક અને એક જ છે.

(પાંદડે પાંદડે જ્યોતિ માંથી)

ઉમિયાધામ બિલાસીયા (પૂર્વ અમદાવાદ)ને જોડતા રોડનું લોકાર્પણ અને 'શ્રી ઉમિયા ચોક'નું નામકરણ



અમદાવાદ પૂર્વમાં આસ્થાનું નવું કેન્દ્ર : ઉમિયાધામ બિલાસીયા (પૂર્વ અમદાવાદ) ને જોડતા રોડનું લોકાર્પણ અને 'શ્રી ઉમિયા ચોક' નું નામકરણ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા અમદાવાદ પૂર્વ વિસ્તારના સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે હાથ ધરવામાં આવેલા ભવ્ય 'ઉમિયાધામ'-બિલાસીયા પ્રોજકે ટ અંતર્ગત આજે એક ઐતિહાસિક સોપાન સર કરવામાં આવ્યું છે. અમદાવાદના એસ.પી. રિંગ રોડથી શ્રી ઉમિયા ધામ બિલાસીયાને જોડતા દોઢ કિલોમીટર લાંબા નવનિર્મિત ડામર રોડનું લોકાર્પણ અને આ માર્ગ પર આવેલા મુખ્ય સક ʽ લનું 'શ્રી ઉમિયા ચોક' તરીકે વિધિવત નામકરણ કરવામાં આવ્યું છે.

આ સમારોહમાં હજારો ભક્તોની ઉપસ્થિતિમાં મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખ શ્રી બાબુભાઈ જે. પટેલ (બીજેપી) ના વરદ હસ્તે 'શ્રી ઉમિયા ચોક'નું નામાભિધાન કરવામાં આવ્યું હતું.

ઉમિયાધામ, બીલાસીયા પ્રોજેક્ટની મુખ્ય વિગતો : શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા બિલાસીયા ખાતે આશરે ૮ વીઘા જમીનમાં ૧૫૦ કરોડના ખર્ચે ભવ્ય સંકુલનું નિર્માણ થઈ રુહ્યં છે.
જેમાં નીચે મુજબની સુવિધાઓનો સમાવેશ થાય છે : મા ઉમિયાજીનું ભવ્ય મંદિર, આધુનિક શિક્ષણ સંકુલ અને આરોગ્ય સંકુલ, પાર્ટી પ્લોટ, ભોજનાલય અને વિશ્રાંતિ ગૃહ નિર્માણ થઈ રુહ્યં છે.

આ સમગ્ર પ્રોજેક્ટનું સંચાલન ઉમિયાધામ - બિલાસીયા સંકુલના ચેરમેન ભગુભાઈ પટેલ (જેમ્સ પંપ), વાઈસ ચેરમેન શ્રી બાબુભાઈ પટેલ (વીઆઈપી) અને તેમની ટીમ દ્વારા સમાજ શ્રેષ્ઠીઓના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. આ અવસરે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊઝાંના પ્રમુખ શ્રી બાબુભાઈ જે. પટેલ (બીજપ ` ી), ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ પી. પટેલ (દૂધવાળા), માનદમંત્રી શ્રી જયંતીભાઈ એચ. પટેલ, સહમંત્રી શ્રી વસંતભાઈ ચોકસી, ખજાનચી શ્રી પ્રવિણભાઈ પટેલ, ઉમિયાધામ - બિલાસીયાના ચેરમેન ભગુભાઈ પટેલ (જેમ્સ પંપ) વાઈસ ચેરમેન શ્રી બાબુભાઈ પટેલ (વીઆઈપી) અને શ્રી રમેશભાઈ પટેલ, શ્રી દેવશીભાઈ પટેલ, શ્રી હિતેશભાઈ પટેલ, મહિલા સમિતિના વાઈસ ચેરપર્સન શ્રીમતી ઉર્મિલાબેન જે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શ્રી ઉમિયા સંગઠન સમિતિના ચેરમેન શ્રી પ્રવિણભાઈ પટેલ, મા ઉમિયાધામ કેમ્પસ, સોલા - અમદાવાદના ચેરમેન શ્રી પી.સી. પટેલ,અને ધરતી વિકાસ મંડળના શ્રી વાડીભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો અને ૩૦૦૦થી વધુ સમાજ બંધુ - ભગિનીઓ આ આસ્થાના મહોત્સવમાં સહભાગી થયા હતા.

નરોડા એસ.પી. રિંગ રોડથી માત્ર ૨૦૦ મીટરના અંતરે આવેલો આ 'શ્રી ઉમિયા ચોક' હવે શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મુખ્ય પ્રતીક બની રહેશે. સમગ્ર કાર્યક્રમ ભારે ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા
Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha
Ph. 02767 - 245472, Mo. 8511016000, Unjha - 384170. (North Guj.)
www.maaumiya.org umiyamatajiunjha umiyamataunjha umiyamatajiunjha@gmail.com

ઉમિયાધામ બિલાસીયા (પૂર્વ અમદાવાદ)ના લોકાર્પણ અને 'શ્રી ઉમિયા ચોક'ના નામકરણની તસ્વીરો












વિભાગ - ૧૦ માર્ચ - ૨૦૨૬ માસની દાન સંહિતા

દાતાશ્રીઓ ઉપર ઉમિયા માતાજીના આશીર્વાદ સદાય વરસતા રહો



શ્રી જયંતિભાઈ પટેલ
માનદ્ મંત્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

દાન સંહિતા

દાતાનું નામ	ગામ	રકમ રૂ.
શિવલાલ પટેલ	પૂના	૧૧,૦૦૦.૦૦
ડૉ. તૃપલ આશીષ પટેલ	ગાંધીનગર	૧૧,૦૦૦.૦૦
સરગમગૃપ	ગાંધીનગર	૧૧,૦૦૦.૦૦
આરવી ઓટો મોબાઈલ	અમદાવાદ	૨૧,૦૦૦.૦૦
રમેશભાઈ એ પટેલ	અમદાવાદ	૨૫,૫૫૧.૦૦
પટેલ ફેરી નયનકુમાર	ભીમપુરા	૧૦,૦૦૦.૦૦
પાર્વતીબેન લલ્લુભાઈ પટેલ	કરજણ	૫૧,૦૦૦.૦૦
ઉમિયા સેનેટરીઝ	બૈતુલ	૧૨,૫૦૦.૦૦
ભાવેશ એન્ટરપ્રાઈઝ	મુંબઇ	૧૧,૦૦૦.૦૦
કલ્યાણી એન્ટરપ્રાઈઝ	મુંબઈ	૫૧,૦૦૧.૦૦
ગીતા ટીમ્બર્સ	રાયપુર	૨૫,૦૦૦.૦૦
નીલ રાકેશભાઈ પટેલ	ગાંધીનગર	૧૦,૦૦૦.૦૦
મેટકોન ઈન્ડસ્ટ્રીઝ	અમદાવાદ	૧૩,૦૦૦.૦૦
લત્તાબેન અરવિંદભાઈ પટેલ	ગલુડી	૧૧,૧૧૧.૦૦
ગીતાબેન સતિષભાઈ પટેલ	સાયણ	૧૫,૦૦૧.૦૦
યમુના ઈન્ફ્રા પ્રોજેક્ટ એલએલપી	મુંબઈ	૧૧,૦૦૦.૦૦
શ્રી ચામુંડી એન્ટરપ્રાઈઝીસ	ટુમકુર	૨૦,૦૦૦.૦૦
મંઝીલ પટેલ	અમદાવાદ	૨૧,૦૦૦.૦૦
હિરેન શામળભાઈ પટેલ	પાલનપુર	૧૧,૧૦૧.૦૦
પટેલ વૈશાલીબેન ભાવેશકુમાર	લીભોઇ	૧૨,૫૦૦.૦૦
પટેલ ચિરાગ પરમાનંદ	અમદાવાદ	૧૧,૦૦૦.૦૦
પટેલ માર્ટીનકુમાર સુરેશકુમાર	વિસનગર	૧૧,૦૦૦.૦૦
પ્રકાશભાઈ ઈશ્વરલાલ પટેલ	ઊંઝા	૨૦,૦૦૦.૦૦

અન્નપૂર્ણા મિષ્ટાન ભોજન દાતા

વિપુલકુમાર નાથાલાલ પટેલ	ગાંધીનગર	૧૫,૦૦૦.૦૦
ડો.મનોજભાઈ ભીખુભાઈ પટેલ/રિધમ	અમદાવાદ	૧૫,૦૦૦.૦૦
સુશીલાબેન હસમુખભાઈ પટેલ	અમદાવાદ	૧૫,૦૦૦.૦૦
પુરુષોત્તમ નારાયણ પટેલ	પૂના	૧૫,૦૦૦.૦૦
નીકી ઈમ્પેક્ષ	બેંગ્લોર	૫૧,૦૦૦.૦૦
અજયભાઈ સોમાભાઈ પટેલ	મેડા આદરજ	૧૫,૦૦૦.૦૦
સ્વ. ચંદુભાઈ હીરાલાલ પટેલ	પાદરા	૧૫,૦૦૦.૦૦

શિક્ષણસહાય નિધિ કોર્પસ ફંડ

સેવંતીલાલ કાન્તિલાલ પટેલ	નારદીપુર	૫૦,૦૦૦.૦૦
કાયમી પ્રસાદ ફંડ (૧૨ વર્ષ માટે) કુલ વ્યક્તિ-૨		૧૦,૨૦૦.૦૦
કાયમી સદાવ્રત ફંડ (૧૨ વર્ષ માટે) કુલ વ્યક્તિ-૪		૨૦,૪૦૦.૦૦
કાયમી થાળ ફંડ (૧૨ વર્ષ માટે) કુલ વ્યક્તિ-૧૦		૫૧,૦૦૦.૦૦

અખંડ ઘી ના દીવા ભેટ

પાર્થ જયંતીભાઈ પટેલ	અમદાવાદ	૫,૦૦૧.૦૦
દયાનંદ લક્ષ્મણ પાટીદાર	ધામનોદ	૫૫,૦૦૦.૦૦
દયાનંદ લક્ષ્મણ પાટીદાર	ધામનોદ	૪૫,૦૦૦.૦૦

આરોગ્ય સહાય કોર્પસ ફંડ

સેવંતીલાલ કાન્તિલાલ પટેલ	નારદીપુર	૫૦,૦૦૦.૦૦

પૂનમ ચા દાતાશ્રી

હેતલબેન હરસિધ્ધકુમાર પટેલ	મહેસાણા	૧૫,૦૦૦.૦૦
રોહિતભાઈ કનુભાઈ પટેલ	ગાંધીનગર	૧૫,૦૦૦.૦૦

શ્રી ઉમિયા શરણમ્ મમ્ મંત્ર બુક દાન દાતાશ્રી

પુરુષોત્તમ નારાયણ પટેલ	પૂના	૧૦,૦૦૦.૦૦

ધન્યવાદ





ઉમિયાજ્યોતના લવાજમના નાણાં રોકડા તેમજ ઓનલાઈન બેંન્કીગથી પણ સ્વીકારવામાં આવે છે.

ખાતાનું નામ : કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
બેન્ક : ઈન્ડીયન ઓવરસીઝ બેન્ક, સોલા બ્રાન્ચ, અમદાવાદ
એકાઉન્ટ નં. : ૦૪૪૭૦૨૦૦૦૦૦૦૬૮૦
IFSC : IOBA0000447
ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ (મો) ૬૩૫૪૫૩૬૪૩૬
ઉપર જાણ કરવી અને પેમેન્ટનો સ્ક્રીનશૉટ મોકલવો.

લવાજમ રૂા. ૨૦૦૦ (૫ વર્ષ માટે)
લવાજમ રૂા. ૩૦૦૦ (૧૦ વર્ષ માટે) **સ્વીકારવામાં આવે છે.**

ઉમિયા જ્યોતના નવા સભ્યશ્રીઓ
માર્ચ -૨૦૨૬

લવાજમ રૂા. ૩૦૦૦ સ્વીકારવામાં આવે છે. (૧૦ વર્ષ માટે)

ત્રિભોવનભાઈ મગનદાસ પટેલ	મહેસાણા
દેવરાજભાઈ નાથાભાઈ કરડાણી	વલસાડ
ઘનશ્યામભાઈ મંગળદાસ પટેલ	મહેસાણા
પટેલ સુરેશભાઈ રામજીભાઈ	પાટણ
પટેલ મહેન્દ્રભાઈ લાલજીભાઈ	મહેસાણા
દિનેશભાઈ હરગોવિંદ પટેલ	મહેસાણા
પટેલ કિરીટભાઈ પ્રભુભાઈ	મહેસાણા
પટેલ કમલેશભાઈ કાન્તીલાલ	અમદાવાદ
મનુભાઈ કાન્તીલાલ પટેલ	અમદાવાદ
સુરેશભાઈ હરગોવનદાસ પટેલ	પાટણ
બળદેવભાઈ શિવરામભાઈ પટેલ	પાટણ
ભરતકુમાર અમૃતલાલ પટેલ	પાટણ
પટેલ જીજ્ઞેશભાઈ જયંતીભાઈ	અમદાવાદ
પટેલ હરેશભાઈ કાન્તીલાલ	વડોદરા
કિર્તિભાઈ મણીલાલ પટેલ	મહેસાણા
મનુભાઈ બબલદાસ મોતીભાઈ પટેલ	મહેસાણા
ચંદ્રિકાબેન વીરાભાઈ પટેલ	મહેસાણા
મહેન્દ્રભાઈ જોઈતાભાઈ પટેલ	પાટણ
હિતેન્દ્રકુમાર રેવાભાઈ પટેલ	મહેસાણા

માર્ચ-૨૦૨૬ માસમાં ભાવિક દાતાશ્રીઓએ કુલ ૭૨૧ સાડીઓની માતાજીને ભેટ ઓઢાડી માની કૃપા મેળવી.

શ્રી ઉમિયા મંદિર, ઊંઝામાં કાયમી લગ્નોત્સવ યોજના અંતર્ગત
માર્ચ - ૨૦૨૬ માસમાં ૧૩ લગ્ન + ૮ ફુલહાર લગ્ન કુલ - ૨૧ લગ્ન થયાં.

મિત્રો,

'ઉમિયા જ્યોત' આપ સૌનું ગમતું સામયિક છે. તેમાં આપ યોગ્ય લેખો મોકલી શકો છો. આપની પરિવારનો કોઈ સભ્ય કોઈ ઉચ્ચ શિક્ષણ સિદ્ધિ પ્રાપ્ત કરે, ઉચ્ચ નોકરી પ્રાપ્ત કરે કે બઢતી, બદલી થાય તો તેની ૧/૨ કે ૧/૪ પાનામાં વિગતો છપાવી શકો છો.

— તંત્રી

પંચકર્મ– અગ્નિકર્મ – મર્મ રુહ : (પીડન) ચિકિત્સા

સંધિવાત – પેરાલીસીસ – કેન્સર – ડાયાબીટીસ – કિડનીના રોગો

ગુરૂ



વૈદ્ય નરસિંહાકાકા

નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®

www. niramayayurveda.com

રી-સર્ચ ફોર આયુર્વેદા

‘‘ પ્રતિક હાઉસ ’’ ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગર સ્ટ્રીટ રોડ,
સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયાની ગલીમાં, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત.
ફોન : ૦૨૬૧-૨૪૭૦૮૭૫, ૨૪૭૦૮૭૬, મો. ૭૫૭૪૮ ૬૧૮૫૬
હોસ્પિટલ સમય : સવારે ૮.૦૦ થી સાંજે ૮.૦૦

ગુરૂ



ડો. પી. યાદવ્યા



વૈધરત્નમ્ સંદિપ પટેલ
B.A.M.S., MD, Ph.D
સમય : ૨.૦૦ થી ૮.૦૦

વેધનકર્મ અને અગ્નિકર્મ ચિકિત્સા

કેન્સર - હૃદયરોગ – કીડનીનારોગો

3C CARE WITH AYURVEDA

Ultimate Neuro - Arthritic Care



પાઈલ્સ અને પથરીના રોગોથી પરેશાન છો ??

- પિત્તાશયની પથરી (Gallbladder Stone)
- પેશાબની પથરી, કીડનીની પથરી
- અર્શ–મસા–ભગંદર

કષ્ટદાયક કેન્સરની સચોટ, અનુભૂત સફળ
(ટ્રેડીશનલ–જંગલની જડીબુટ્ટી)
રીસર્ચ – સહાયક આયુર્વેદિક સારવાર

શું તમે ડાયાલીસીસ કરાવો છો ???
ટ્રાન્સપ્લાન્ટેશન વગર કીડનીના રોગો માટે આયુર્વેદિક સહાયક સારવાર

ઈન્સ્યોરન્સ સુવિધા ઉપલબ્ધ...



•સ્ટ્રોક •હાઈ બ્લડ પ્રેશર•ડાયાબીટીસ•હૃદય રોગ જેવા કારણોથી થતા પક્ષાઘાત (પેરાલીસીસ) ની
વૈધરત્નમ્ સંદિપ પટેલ દ્વારા
33 વર્ષના અનુભવી રીસર્ચ બેઈઝ અનુભૂત
‘‘નિરામય’’ સહાયક અને ફળદાયી આયુર્વેદિક સારવાર

બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી–અસ્તાન રોડ, બારડોલી.
ફોન :૭૫૭૪૮૬૧૮૫૩ - ૯.૦૦ થી ૭.૦૦
સમય : દર શુક્રવારે -૧૦.૦૦ થી ૧.૦૦ (Courier Facility Available)

ઈચ્છાનાથ ૧૦૫, દેવાશિષ એપાટમેન્ટ, SVNIT કોલેજ સામે, ઉમરા રોડ, ઈચ્છાનાથ, સુરત.
સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૭.૦૦ ફોન : ૭૫૭૪૮૬૧૮૫૧

ભરૂચ એ-૨૨, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી. ડેપો પાસે, ભરૂચ.
સમય : દર મહીનના ૨ જા રવિવારે સવારે ૧૦.૦૦ થી બપોરે ૨.૦૦
ફોન : ૭૫૭૪૮૬૧૮૬૬



સ્કૂલ ટ્રસ્ટી તરીકે હાજરી આપી હર ઘર -તિરંગા અભિયાનને વેગ આપી એક આંદોલન બનાવ્યું.

ભારત માતાકી જય

કિરીટ પટેલ (દેવગઢ)

JP HOSPITAL
ROBOTIC JOINT REPLACEMENT CENTRE
ROBOTIC PRECISION | HUMAN EXPERTISE

6500
થી વધુ
સર્જરીનો
અનુભવ

જેપી હોસ્પિટલ બન્યું રોબોટિક સેન્ટર

અદ્યતન CORI રોબોટ દ્વારા ઘૂંટણ, થાપા તથા ઘૂંટણના આંશિક રિપ્લેસમેન્ટની સર્જરી રોબોટિક પદ્ધતિ દ્વારા થાય છે.



એપોઇન્ટમેન્ટ નંબર :
+91 63526 94101 / 100

ડો. જય પટેલ (ઊંઝાવાળા)
Robotic Joint Replacement Surgeon

501-508, Grace Business Park, Sagar Sangit Cross Roads,
Nr. Shaleen Hospital, Sola, Ahmedabad-380060

સૌજન્ય :
માર્ટિન ગ્રેશર

UMIYA JYOT
Registered under RNI No. GUJGUJ/2012/49800
Published on 15th Date of every month





સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરિકો માટે જૂથ અકસ્માત વીમા યોજના અમલમાં
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સિંગ યોજનામાં આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહતદરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસિસ લેબની નજીવા દરે ટેસ્ટિંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુદ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- રાહત દરે ફિઝીયોથેરાપી સેન્ટર
- માર્કેટયાર્ડમાં ગરમીની સીઝનમાં ફ્રી છાશનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મિનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનું કામ પ્રગતિમાં
- ઊંઝા તાલુકા તથા બજાર વિસ્તારમાં ક્ષય રોગના દર્દીઓને રાશન તથા પ્રોટીન કીટનુ વિતરણ.

જય સહકાર... જય કિસાન...

દિનેશભાઈ પટેલ
ચેરમેન

ભર્તિકાબેન પટેલ
ઈન્ચાર્જ સેક્રેટરી

વિષ્ણુભાઈ પટેલ
વા. ચેરમેન



ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા

If undelivered please return to below address
'ઉમિયા જ્યોત' કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪
E-mail : editorumiyajyot@gmail.com

Published by PATEL MUKESHKUMAR AMRUTLAL on behalf of KADVA PATIDAR KULDEVI SHREE UMIYA MATAJI SANSTHAN UNJHA and printed by HARSHAD GOVINDBHAI PATEL, Digital Web, FP-36/2. Opp. Umiya Campus, S.G. Highway, Gota, Ahmedabad-382481 and Pusblished by from 142/1, Kadva Patidar Kuldevi Shree Umiya Mataji Sansthan Unjha, Umiya Campus, Near. Bhagvat Vidhyapith, S.G. Highway, Sola, Ahmedabad - 380 060. : Editor - : AMRUT PATEL